# આત્મધર્મ

## વર્ષ ૩૧

## સળંગ અંક ૩૬૩

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

## ❁ મહાવીર-નિર્વાણનું અઢીહજારમું મંગલવર્ષ ❁




# ❁ પ્રભુનો મોટો ઉપકાર ❁

**માગશર વદ આઠમના પ્રવચનમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ પ્રત્યે ભક્તિભીની અંજલિરૂપે અત્યંત પ્રમોદપૂર્વક પૂ. કાનજીસ્વામીએ કહ્યું કે –**

આજે (શાસ્ત્રીય પોષવદ આઠમે) કુંદકુંદસ્વામીની આચાર્ય પદવીનો મંગલ દિવસ છે. કુંદકુંદ ભગવાને આ ભરતક્ષેત્ર ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો છે. તેમણે ભગવાન સીમંધર પરમાત્માના સાક્ષાત્ દર્શન કર્યા, અને અનુભવના નિજવૈભવપૂર્વક સમયસારાદિ પરમાગમો રચીને જે અલૌકિક અચિંત્ય ઉપકાર કર્યો છે, –તેની શી વાત? જેને તે જાતનો અનુભવ થાય તેને ખબર પડે કે આચાર્યદેવે કેવું અલૌકિક કામ કર્યું છે! બાકી ઉપરટપકે એનાં માપ નીકળે તેમ નથી. તેઓ ચાર સંઘના નાયક હતા; મહાવીર પ્રભુના શાસનને તેમણે આ પંચમકાળમાં ટકાવી રાખ્યું છે. અહો, એમની આ વાણી કાને પડવી તે પણ કોઈ મહાન ભાગ્ય છે; ને અંદર સમજીને અનુભવ કરે........તેની તો શી વાત!

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૦ પોષ (લવાજમ : ચાર રૂપિયા) વર્ષ ૩૧ : અંક ૩

# આંગણીયે ઉત્સવ આનંદનાં







આપ જાણો જ છો કે સોનગઢમાં જે ભવ્ય પરમાગમ-મંદિર તૈયાર થયું છે તેનું ઉદ્ઘાટન, અને તેમાં મહાવીરપ્રભુની પ્રતિષ્ઠાનો પંચકલ્યાણક મહોત્સવ (ફાગણ સુદ પાંચમથી તેરસ) નજીકને નજીક આવી રહ્યો છે. વીરપ્રભુ પધારવાની વાટલડી જોવાય છે. આ ઉત્સવ સોનગઢના જ ઇતિહાસમાં નહિ પરંતુ સૌરાષ્ટ્રના ઇતિહાસમાં અનેરો હશે.

આ ઉત્સવ સંબંધી કામકાજની ગોઠવણી કરવા, તેમ જ પ્રતિષ્ઠા-મહોત્સવ માટે ૧૬ ઇન્દ્રોની બોલી (ઉછામણી) વગેરે કામકાજ માટે એક મહત્ત્વની મિટિંગ પોષવદ તેરસ તા. ૨૧-૧-૭૪ ને સોમવારે સોનગઢમાં રાખવામાં આવેલ છે.

પરમાગમ-મંદિરના અક્ષરોમાં રંગ પૂરવાનું કામ ઝડપથી પૂરું થઈ ગયું છે. શાસ્ત્રોની મૂળગાથાઓ સોનેરી કરવામાં આવી છે, તેનું કામ પણ ચાલી રહ્યું છે. તેનો મંગલ પ્રારંભ પોષસુદ પાંચમે પૂ. ગુરુદેવના સુહસ્તે ઉલ્લાસભર્યા વાતાવરણ વચ્ચે થયો હતો.

પરમાગમ-મંદિરનું ચણતરકામ પણ હવે પૂર્ણતાના આરે પહોંચી રહ્યું છે. જિનવાણીની ગંભીરતાને શોભે એવો ભવ્ય દેખાવ થયો છે. ઉત્સવની અનેકવિધ તૈયારીઓને લીધે સુવર્ણનગરીની જાણે કે પુનર્રચના થઈ રહી હોય-એવું વાતાવરણ છે.

પરમાગમ-મંદિરના ઉત્સવ સંબંધી હિસાબી કામકાજ (ચેક-ડ્રાફ વગેરે) "શ્રી પરમાગમ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ-સમિતિ" -એ નામથી કરવું.

(વધુ માટે જુઓ પાનું – ૨૮)

* મહાવીરપ્રભુના મોક્ષગમનનું અઢી હજારમું વર્ષ *

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

આત્મધર્મ ૨૫૦૦

વીર સં. ૨૫૦૦ પોષ Jan. 1974

* વર્ષ ૩૧ : અંક ૨ *

# * ભગવાન મહાવીરનો ધર્મ *

જે ધર્મથી ભગવાન મહાવીર તર્યા તે જ ધર્મથી આ આત્મા તરે છે; એટલે મહાવીરનો જે ધર્મ છે તે જ આ જીવનો ધર્મ છે. આથી મહાવીરના ધર્મને ઓળખતાં આત્માનો ધર્મ ઓળખાય છે. કુન્દકુન્દસ્વામીએ પ્રવચનસારની ૮૦ મી ગાથામાં સમ્યક્ત્વ–પ્રાપ્તિ માટે જે ભાવ કહ્યા છે તે અહીં લાગુ પાડીને કહીએ તો–

**જે જાણતો મહાવીરને ચેતનમયી શુદ્ધ ભાવથી,**
**તે જાણતો નિજાત્મને સમકિત લ્યે આનંદથી.**

હવે મહાવીરનો ધર્મ એટલે શું? તે જાણવું જોઈએ. મહાવીર એક આત્મા છે; શુદ્ધ ચૈતન્યભાવ તે તેનો ધર્મ છે. આવા ધર્મસ્વરૂપે મહાવીરને ઓળખવાથી આત્મા ચૈતન્યસ્વરૂપે ઓળખાય છે; એટલે ચૈતન્ય અને રાગની ભિન્નતા અનુભવાય છે. –આવો અનુભવ તે મહાવીરનો ધર્મ છે...તે જ આ જીવનો ધર્મ છે...અને તે જ જિનાગમોનું રહસ્ય છે.

# મહાવીર-અંજલિ

પ્રભુના કેવળજ્ઞાન–દીવડામાં, કે સાધકના શ્રુતજ્ઞાન–દીવડામાં રાગ નથી; બંને દીવડા વીતરાગી ચૈતન્યતેજથી પ્રકાશી રહ્યા છે.

નિર્મોહ થયેલી પર્યાય જ નિર્મોહ આત્માને જાણીને અનુભવે છે; એટલે ધર્મીની અનુભૂતિમાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે શુદ્ધ અનુભવાય છે; દ્રવ્ય–ગુણ ને પર્યાય એવા ભેદ પણ તેમાં નથી. આવી અનુભૂતિ તે સાચી મહાવીર–અંજલિ છે.

## * અનેકાન્ત-જીવન *

જ્ઞાનને અનેકાન્તસ્વરૂપે અનુભવનાર જ્ઞાની જીવ પોતાના સ્વગુણના અસ્તિત્વથી જીવે છે. અને અજ્ઞાની, પોતાના અસ્તિત્વને પરથી ભિન્ન નહિ દેખતો થકો, પરના જ અસ્તિત્વને દેખીને પોતાની નાસ્તિ કરતો થકો, ભાવમરણથી પશુ જેવો થઈ જાય છે.

–આ રીતે અનેકાન્ત તે આત્માનું જીવન છે.

## * પ્રભુનો સૌથી મોટો ઉપકાર *

પોતાના જ્ઞાનસ્વરૂપ અસ્તિત્વને જે નથી દેખતો તે જીવ કોઈને કોઈ પ્રકારથી રાગને કે જડને આત્મા માને છે, એટલે તેનાથી ભિન્ન પોતાના ચેતનમય અસ્તિત્વનો તે લોપ કરે છે, –તેની શ્રદ્ધા તેને રહેતી નથી. એવા જીવોને સ્વરૂપનું સાચું અસ્તિત્વ બતાવીને ભગવાને ભાવમરણથી ઉગાર્યા છે.

જ્ઞાની તો ચેતનસ્વરૂપે જ પોતાનું અસ્તિત્વ દેખે છે, એટલે રાગાદિને કે શરીરાદિને જ્ઞાનમાં જ્ઞેયપણે જાણવા છતાં તે જરાય છેતરાતો નથી, પોતાની ચૈતન્યવસ્તુને તે રાગથી ને જડથી જુદી ને જુદી જીવંત રાખે છે, ચૈતન્યવસ્તુમાં બીજાને જરાય ભેળવતો નથી. –આવું સ્વરૂપ–જીવન ભગવાનના અનેકાન્તશાસનથી પ્રાપ્ત થયું છે. –એ જ પ્રભુજીનો સૌથી મહાન ઉપકાર છે.

# મહાવીરનાથનો ઇષ્ટ-ઉપદેશ

## સર્વજીવ-હિતકારી,
## ભગવાન મહાવીરનું અનેકાન્તશાસન

( અનેકાન્તમાં અનંત ગંભીરતા ભરી છે )

જગતના જીવ કે અજીવ સમસ્ત પદાર્થોમાં પોતપોતાના અનેકધર્મો (અનંત ધર્મો) રહેલાં છે, તેના અનેકાન્ત સ્વરૂપને વીરનાથની વાણી પ્રકાશે છે. એ રીતે પ્રત્યેક પદાર્થના સ્વાધીન અનંતસ્વભાવોને જાણતાં, અને પોતાના આત્મામાં રહેલા પોતાના જ્ઞાનાદિ અનંતસ્વભાવોને જાણતાં, જીવને સ્વ–પરનું ભેદજ્ઞાન થાય છે, તેને કયાંય મોહ રહેતો નથી, ને તે પોતાના નિજસ્વભાવરૂપે પરિણમે છે. નિજસ્વભાવરૂપ પરિણમન તે જ જીવનું હિત છે. તે જ ઇષ્ટ છે, ને એવા ઇષ્ટનો ઉપદેશ મહાવીરપ્રભુના અનેકાન્ત–શાસનમાં છે. અને તે શાસન સર્વજીવોને હિતકારી છે. ભગવાને કરેલો ઇષ્ટ ઉપદેશ કેવો સુંદર છે! તે વીરપુત્ર ગુરુકહાને આપણને સમજાવ્યું છે; તેનો નમૂનો અહીં આપ્યો છે. વીરપ્રભુના અઢી હજારમા નિર્વાણોત્સવની આ મંગલ પ્રસાદી છે. (બ્ર. હ. જૈન)

### દ્વિ–સ્વભાવી વસ્તુ ( મહાવીર પ્રભુનો ઇષ્ટ ઉપદેશ )

અનેકાન્તમય આત્મવસ્તુના પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે–વસ્તુમાં એક સામાન્ય–સ્વભાવ અને એક વિશેષસ્વભાવ, એટલે કે એક દ્રવ્યસ્વભાવ, અને એક પર્યાયસ્વભાવ,–એમ બે સ્વભાવ એકસાથે વર્તે છે. તેમાં સામાન્યરૂપ એવો દ્રવ્યસ્વભાવ તે પર્યાયનું કારણ નથી, પણ વિશેષરૂપ એવો પર્યાયસ્વભાવ તે પર્યાયનું કારણ છે. સામાન્ય દ્રવ્યસ્વભાવ પોતે જો પર્યાયનું કારણ હોય તો, તે સામાન્ય સ્વભાવ સદા એકરૂપ રહેનાર હોવાથી પર્યાયો પણ સદા એકરૂપ જ થવી જોઈએ.–પણ એમ નથી. પર્યાયો વિવિધ થાય છે ને તેનું કારણ આત્માનો પર્યાયસ્વભાવ છે; તે–તે પર્યાયરૂપે થવાની

યોગ્યતારૂપ પર્યાયસ્વભાવ છે, ને એકરૂપ રહેવાની યોગ્યતારૂપ દ્રવ્યસ્વભાવ છે. આ રીતે દ્રવ્ય અને પર્યાય બંને સ્વભાવો આત્મામાં એક સાથે છે, તેને અનેકાન્તસ્વરૂપે જિનશાસન પ્રકાશે છે. આવો વસ્તુસ્વભાવ જેની દૃષ્ટિમાં આવ્યો તે જીવ ભવચક્રમાંથી બહાર નીકળી ગયો. –આ મહાવીર ભગવાને આપેલો ઇષ્ટ–ઉપદેશ છે.

## અનેકાન્તસ્વરૂપ આત્માની પ્રસિદ્ધિ તે જ સર્વે જિજ્ઞાસુઓને ઉપકારક છે.

નિર્મળપર્યાયથી જાુદું કોઈ ચૈતન્યતત્ત્વ નથી; લોક–અલોકની જેમ કાંઈ દ્રવ્ય ને પર્યાય જાુદા નથી; બંનેના અસંખ્યપ્રદેશો એક જ છે, કાંઈ પ્રદેશભેદ નથી. આત્માને દ્રવ્ય અપેક્ષાએ ધ્રુવતા છે ને પર્યાયઅપેક્ષાએ આત્માને પરિણમન છે, –એ અપેક્ષાએ દ્રવ્ય અને પર્યાય વચ્ચે કથંચિત્ ભેદ હોવા છતાં, જેમ બે આંગળી એકબીજાથી પ્રદેશભેદે જુદી છે તેમ કાંઈ દ્રવ્ય અને પર્યાય એ બે જુદા નથી. બાપુ! નિર્મળ પર્યાયને છોડવા જઈશ તો તે પર્યાયથી જુદી કોઈ (સર્વથા ધ્રુવ) આત્મવસ્તુ તને પ્રાપ્ત નહિ થાય. દ્રવ્ય અને પર્યાય બંને સાથે અનુભવમાં આવે છે, પણ તે અનુભૂતિમાં ‘આ દ્રવ્ય, ને આ પર્યાય’ એવા ભેદને તે સ્પર્શતો નથી; એટલે અનુભૂતિમાં ભેદવિકલ્પનો નિષેધ (અભાવ) છે, પણ કાંઈ અનુભૂતિમાં પર્યાયનો અભાવ નથી. પર્યાય તો અંતર્મુખ એકાગ્ર થઈ છે, ત્યારે તો આત્મા અનુભવમાં આવ્યો છે. અહો, આચાર્યદેવે દીવા જેવું ચોકખું વસ્તુસ્વરૂપ ખુલ્લું કર્યું છે.

હે જીવ! તારી ચૈતન્યસત્તાની સીમા તારી પર્યાય સુધી છે. તારી પર્યાયથી બહાર, બીજી વસ્તુમાં તારી સત્તા નથી. પણ તારી પર્યાય કાંઈ તારી સત્તાથી જાુદી નથી. તારા અનંતગુણનું સત્ત્વ પર્યાયમાં નિર્મળપણે ઉલ્લસી રહ્યું છે, તે તું જ છો, તે કાંઈ તારાથી કોઈ બીજું નથી. હા, એકલી પર્યાય જેટલો આખો આત્મા નથી પણ ધ્રુવસ્વભાવ તેમજ પર્યાયસ્વભાવ એવા બંને સ્વભાવરૂપ આત્મતત્ત્વ અનુભવમાં આવે છે. પર્યાયને એટલે કે ચૈતન્યપરિણતિને નહિ સ્વીકારનાર જીવ ધ્રુવસ્વભાવને પણ સ્વીકારી શકતો નથી. નિર્મળપર્યાયમાં ધ્રુવસ્વભાવનો સ્વીકાર, ને ધ્રુવસ્વભાવના સ્વીકારમાં નિર્મળ ચૈતન્યપર્યાયનો સ્વીકાર, એમ અનેકાંતના બળે વસ્તુના બંને સ્વરૂપનો સ્વીકાર એકસાથે જ થઈ જાય છે. ને એવી વસ્તુને અનુભવનારો જીવ જ ધર્મી છે, તે જ

અનેકાન્તવાદી જૈન છે. આવો અનેકાન્તમાર્ગ તે જ ભગવાન મહાવીર પ્રભુનો માર્ગ છે. અહો, અનેકાન્તમાં તો અનંત ગંભીરતા ભરી છે.

આત્માને અનિત્યપણું હોય? અનિત્ય–પર્યાય આત્મામાં હોય! એ વાત સાંભળીને એક વેદાંતી–બાવાજી ભડકયા, ને એમ કહી ઊઠીને ચાલવા માંડયા કે–અનિત્યની વાત અમારે સાંભળવી નથી. અરે બાપુ! મહાવીર પરમાત્માનું અનેકાન્તશાસન દ્રવ્ય–પર્યાયરૂપ વસ્તુસ્વરૂપ બતાવે છે; તે સમજવું અજ્ઞાનીને કઠણ પડે છે. જે વસ્તુ નિત્ય, તે જ વસ્તુ અનિત્ય! એમ તેને આશ્ચર્ય અને શંકા થાય છે. પણ વસ્તુ પોતે જ પોતાને નિત્ય તેમજ અનિત્ય એવા અનેકાન્તસ્વરૂપે પ્રકાશી રહી છે, તે સમજનાર જ્ઞાની તો જાણે છે કે અહો, પર્યાયરૂપે મારી અનિત્યતા છતાં દ્રવ્યપણે હું નિત્ય ટકતો છું. મારું નિત્ય જ્ઞાન તે અનિત્યતાથી વ્યાપ્ત હોવા છતાં, તે મને ઉજ્વળસ્વરૂપે અનુભવાય છે. અનિત્યપણું તે કાંઇ જ્ઞાનની ઉપાધિ નથી પણ જ્ઞાનનું સહજસ્વરૂપ છે. નિત્યપણું ને અનિત્યપણું એવા બંને સ્વભાવધર્મો જ્ઞાનમાં એકસાથે ઉલ્લસી રહ્યા છે. અહો, આવું સ્વરૂપ ધર્મી પોતાના અંતરમાં અનુભવે છે. તે કાંઈ પોતાને ચૈતન્યપરિણામથી જુદો નથી અનુભવતો, પણ ધ્રુવ ને પર્યાય એવા બંને સ્વભાવોથી અભિન્ન, એકાકાર ચૈતન્યભાવસ્વરૂપ પોતાને અનુભવે છે. આવા અનુભવમાં ભગવાન આત્મા સત્યસ્વરૂપે પ્રસિદ્ધ થયો છે.

## વીરનાથના માર્ગમાં તત્ત્વોની સ્વતંત્રતા

સમ્યગ્દર્શનાદિ ભાવ, અને રાગાદિભાવ, સાધકને એક કાળે હોય છે, એટલે તે બંને ભાવનો સ્વકાળ એક છે, તો પછી રાગાદિને કારણે સમ્યગ્દર્શન થાય, કે સમ્યગ્દર્શનને કારણે રાગાદિ થાય–એ વાત રહેતી નથી. બીજી રીતે કહીએ તો સમ્યગ્દર્શનાદિ ભાવ તે નિશ્ચય મોક્ષમાર્ગ, અને તેની સાથેના રાગાદિને પણ મોક્ષમાર્ગમાં કહેવા તે વ્યવહાર;–તે નિશ્ચય–વ્યવહાર એકબીજાના કારણે નથી, બંનેનો સ્વકાળ એક હોવા છતાં, એકના કારણે બીજાનું અસ્તિત્વ નથી.–આમ સ્વતંત્ર તત્ત્વોને જેમ છે તેમ જાણવા તે વીરનાથનો અનેકાન્તમાર્ગ છે.

## જૈનમાર્ગમાં બધાય નિમિત્તો ધર્માસ્તિકાય જેવા અકિંચિત્કર છે.

જેમ નિશ્ચય અને વ્યવહાર બંને સ્વતંત્ર છે, તેમ જૈનમાર્ગમાં ઉપાદાન અને

નિમિત્ત પણ એક સાથે એક કાળે હોવા છતાં બંને સ્વતંત્ર પોતપોતાના અસ્તિત્વમાં વર્તે છે; નિમિત્તનું અસ્તિત્વ ઉપાદાનના કારણે નથી, તેમજ ઉપાદાનનું અસ્તિત્વ નિમિત્તના કારણે નથી; બંનેના ષટ્ કારકો પોતપોતામાં જ છે. જેમ જીવની ગતિમાં નિમિત્ત ધર્માસ્તિ છે, છતાં ત્યાં જીવ અને ધર્માસ્તિ બંને વસ્તુ ભિન્ન છે, બંનેના છ કારકો એકબીજાથી ભિન્ન છે; જીવને કારણે ધર્માસ્તિ નથી, કે ધર્માસ્તિને કારણે જીવ નથી. તેમ ધર્માસ્તિકાય વત્ જગતના જે કોઈ નિમિત્તો છે તે બધાય નિમિત્તો, ઉપાદાનથી જુદા છે; ઉપાદાન અને નિમિત્ત બંને પદાર્થો પોતપોતામાં સ્વતંત્ર કામ કરે છે. એકને કારણે બીજાનું અસ્તિત્વ નથી. વસ્તુનું આવું સ્વરૂપ જાણીને ભેદજ્ઞાન થયું તે મહાવીરપ્રભુનો માર્ગ છે, તે જ મોક્ષનો પંથ છે.

## અનેકાન્તરૂપ વસ્તુમાં પરનું આલંબન નથી, સ્વાધીનતા છે.

વસ્તુ અનેકાન્તસ્વરૂપ છે એટલે દ્રવ્ય–પર્યાયસ્વરૂપ છે; આત્માના દ્રવ્ય ને પર્યાય તે બંને ચૈતન્યલક્ષણથી લક્ષિત છે. આવી વસ્તુને અનુભવતાં વીતરાગી આનંદનો અનુભવ થાય છે. સ્વભાવ તરફ ઢળેલા જીવને ખાતરી થાય છે કે મારા સ્વભાવના અનુભવમાં મને કોઈ રાગનું કે નિમિત્તનું અવલંબન નથી; તેનું તો અવલંબન છૂટી ગયું છે. વસ્તુનું પોતાનું સ્વરૂપ જ આવું છે, તે કાંઈ બીજા કોઈ વડે થયેલું નથી. દ્રવ્ય અને પર્યાય બંને પોતાના સ્વરૂપથી જ વસ્તુમાં સત્ છે, તેમાં જેમ દ્રવ્ય બીજાના કારણે નથી તેમ પર્યાય પણ બીજાના કારણે નથી. આવું વસ્તુસ્વરૂપ નક્કી કરનાર બીજા કોઈના આલંબનની આશા રાખ્યા વગર, સ્વાધીનપણે પોતાના સ્વભાવમાં પરિણમે છે.

## જ્ઞાન–લક્ષણે શું પ્રસિદ્ધ કર્યું ?

## જ્યાં લક્ષણ છે ત્યાં લક્ષ્ય જરૂર છે જ.

જ્ઞાન અને આત્માને અભેદ અનુભવતાં સમ્યગ્દર્શન થાય છે, ને ત્યારે ખબર પડે છે કે જ્ઞાનલક્ષણવડે લક્ષિત આવો અખંડ આત્મા, અનંત ધર્મોથી એકરૂપ છે. જ્ઞાનના લક્ષ્યમાં ક્યાંય રાગ નથી આવતો; રાગનું લક્ષણ તો બંધન છે, રાગનું લક્ષણ કાંઈ જ્ઞાન નથી. જ્ઞાન લક્ષણ પોતે રાગ વગરનું છે, તે રાગથી ભિન્ન આત્માને લક્ષિત કરીને તેનો અનુભવ કરાવે છે.

જ્ઞાન જ્યાં શુદ્ધજ્ઞાનપણે અનુભવમાં આવ્યું ત્યાં લક્ષ્યરૂપ આખો અનંતધર્મસ્વરૂપ આત્મા પણ અભેદપણે અનુભવમાં આવે જ છે. જ્ઞાનલક્ષણ પોતાના લક્ષ્યથી અભેદ છે. જ્ઞાનલક્ષણથી જાુદું બીજાું કોઈ લક્ષ્ય નથી. સમજાવવા માટે લક્ષણ–લક્ષ્યના ભેદ વચ્ચે આવી જાય છે પણ ભેદ રહે ત્યાંસુધી લક્ષ્યરૂપ આત્મા અનુભવમાં આવતો નથી; ને એવા અનુભવ વગરનો અજ્ઞાની જીવ જ્ઞાનલક્ષણને પણ ખરેખર ઓળખતો નથી, તે તો કજાત એવા રાગાદિ ભાવોને ચૈતન્યલક્ષણમાં ભેળવી દે છે, એટલે સાચા લક્ષ્ય–લક્ષણને તે જાણતો નથી. લક્ષણને સાચું જાણે તો લક્ષ્ય પણ પ્રસિદ્ધ થઇને અનુભવમાં આવી જ જાય. લક્ષણથી તેનું લક્ષ્ય છૂપું રહી શકે નહિ, જાુદું રહી શકે નહિ. લક્ષણ પર્યાય પોતે અંતર્મુખ લક્ષ્યમાં અભેદ થઈને આત્માને અનુભવે છે. તે અનુભૂતિમાં ‘આ લક્ષ્યને આ લક્ષણ’ એવા ભેદનો કોઈ વિકલ્પ નથી; ત્યાં તો લક્ષ્ય–લક્ષણ બંને અભેદસ્વરૂપે એકાકાર અનુભવાય છે. આવો અનુભવ તે સમ્યગ્દર્શન છે, તેમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થયો છે.

રાગથી વિલક્ષણ એવું જ્ઞાનલક્ષણ જ્યાં પોતે પોતાના વેદનથી પ્રસિદ્ધ થયું–અનુભવમાં આવ્યું ત્યાં ભગવાન આત્મા પણ જરૂર પ્રસિદ્ધ થયો છે. જ્ઞાનનો અનુભવ હોય ને આત્માનો અનુભવ ન હોય એમ બને નહિ; નહિતર તો જ્ઞાન અને આત્મા જાુદા ઠરે ! જ્ઞાન સાથે આખોય આત્મા અવિનાભૂત છે, જુદો નથી.

જ્ઞાનલક્ષણથી જે કાંઈ લક્ષિત છે તે બધુંય જ્ઞાનના અનુભવમાં સમાઈ જાય છે, કાંઈ બાકી રહેતું નથી.

અને તે જ્ઞાનના અનુભવમાં જ્ઞાનથી વિલક્ષણ ( જ્ઞાનલક્ષણ વગરના ) એવા રાગાદિ કોઈ ભાવો આવતા નથી, તે તો જ્ઞાનના અનુભવથી બહાર જ રહે છે.

જ્યાં સુધી જ્ઞાન સાથે રાગની–વિકલ્પની જરાપણ ભેળસેળ રહે ત્યાં સુધી જ્ઞાનલક્ષણ જ્ઞાનપણે પ્રસિદ્ધ થતું નથી એટલે આત્મા પણ ત્યાં પ્રસિદ્ધ થતો નથી. આહા, લક્ષણ તો એવું અપૂર્વ છે કે વ્યવહારના બધા રાગ–વિકલ્પોને છેદી–ભેદીને, જ્ઞાનથી જુદા પાડીને, જ્ઞાન સાથે એકમેક એવા અનંતધર્મસ્વરૂપે પોતે પોતાને અનુભવે છે. આવું અંતર્મુખ જ્ઞાન તે અનેકાન્ત છે, તે ભગવાન મહાવીરનો માર્ગ છે.

મતિ–શ્રુતજ્ઞાનતત્ત્વ અંતર્મુખ થઈને આત્મારૂપ થઈ ગયા, રાગરૂપ ન રહ્યા, એટલે રાગના બંધન વગરનો અબદ્ધસ્વરૂપ આત્મા પ્રગટ અનુભવમાં આવ્યો, આવા

અનુભવમાં સમસ્ત જિનશાસન સમાઈ જાય છે; જિન ભગવાનના બધા ઉપદેશનો સાર આવો આત્મઅનુભવ કરવો તે જ છે. તે અનુભવમાં જ્ઞાનપર્યાય શુદ્ધ આત્મા સાથે અભેદ થઈ, તે ઉદયભાવોથી જુદી પડી ગઈ. તે અનુભવમાં જ્ઞાન સાથે અનંતધર્મ સહિત આત્મા પરિણમી રહ્યો છે. આત્માનો કોઈ ધર્મ જ્ઞાનપરિણમનથી જુદો રહી શકતો નથી, અનંતધર્મો એક સાથે તેમાં આવી જાય છે, તેથી તે જ્ઞાન પોતે સ્વયમેવ અનેકાંતસ્વરૂપે પ્રકાશે છે; તેમાં મહાવીરનું કહેલું આખું જૈનશાસન આવી જાય છે. આવું જૈનશાસન સમજીને મહાવીરપ્રભુના મોક્ષનો ઉત્સવ ઉજવવા જેવો છે.

–जय महावीर

*****

## હીરલે મઢવા જેવી સોનેરી શક્તિઓ

હવે આપ વાંચશો–વીરતીર્થંકરે બતાવેલી આત્મશક્તિઓ. આત્મશક્તિના વર્ણનમાં એવા ગંભીર ભાવો ભર્યા છે કે જેમ જેમ ઊંડા ઊતરીને તેને ખોલીએ છીએ તેમતેમ તેમાં વધુને વધુ ગંભીરતા દેખાતી જાય છે. એટલે, એ શક્તિના ભાવોને ખોલતાં, પ્રવચનમાં વારંવાર અતિ મહિમા પૂર્વક ગુરુદેવ કહે છે કે અહો! આ શક્તિમાં તો ઘણાં રહસ્યો ભર્યા છે. આ શક્તિઓ તો હીરલે કોતરવા જેવી છે. પરમાગમ–મંદિરમાં પણ આ શક્તિના વર્ણનનો ભાગ ‘સોનેરી’ કરવાની ભાવના ગુરુદેવે વ્યક્ત કરી છે. અરે, સોનાથી ને હીરલાથી પણ જેના મહિમાનું માપ ન થાય એવો અગાધ મહિમા આત્માની એકેક શક્તિમાં ભર્યો છે, તેનું માપ તો અનુભવ દ્વારા જ થઈ શકે. ગુરુદેવ રોજ પરોઢીયે ઊઠતાંવેંત આ ચૈતન્યશક્તિઓનો જાપ જપે છે–તેનાં ભાવોનું ઊંડું મનન કરે છે, ને કોઈ કોઈ વાર ઉલ્લસતા અપૂર્વ ભાવો પ્રવચનમાં પ્રગટ કરે છે. એવી શક્તિનાં પ્રવચનની પ્રસાદી આપ હવે વાંચશો.

# વીર તીર્થંકરે બતાવેલી આત્મશક્તિ

અનેકાન્તસ્વરૂપે સ્વયમેવ પ્રકાશતો અનંતધર્મસ્વરૂપ જ્ઞાનમાત્ર આત્મા.
વાહ! જિનવાણીની અદ્ભુત શોભા! તે જિનવાણીનો અમને વિરહ નથી.

અહો, આ સમયસાર વગેરે પરમાગમ છે તે ભગવાનની વાણી છે; આ સમયસારના ભાવ જે સમજ્યો તેને તીર્થંકરની વાણીનો વિરહ નથી; તીર્થંકરદેવે વાણીમાં જે કહ્યું તેનો સાર આ સમયસારમાં ભર્યો છે. ને આવું સમયસાર આ પરમાગમમંદિરમાં કોતરાઈ ગયું છે. વાહ! જિનવાણી જેમાં વસે–એની શોભાની શી વાત! અને એ જિનવાણીના સારરૂપ શુદ્ધાત્મા જેણે સ્વસંવેદનવડે પોતાના આત્મામાં કોતરી લીધો તે જીવ ન્યાલ થઈ ગયો. એવા જીવની સ્વાનુભૂતિમાં કેવી અદ્ભુત આત્મશક્તિઓ ઉલ્લસે છે–તેનું આ વર્ણન છે.

જ્ઞાનમાત્ર ભાવ આત્મા જ્ઞાનક્રિયારૂપે પરિણમે છે તેમાં તેના અનંતધર્મોનું પરિણમન ભેગું જ છે,–તેથી આત્માને જ્ઞાનમાત્રપણું કહેવા છતાં તેમાં અનેકાંત નિર્બાધપણે પ્રકાશે છે. જ્ઞાનમાત્ર ભાવ પોતે અનંત ધર્મસ્વરૂપ છે, તે ધર્મોનું વર્ણન અહીં આચાર્યદેવ અદ્ભુત–અલૌકિક રીતે કરવા માંગે છે; તેમાં અનંતધર્મોમાંથી અહીં ૪૭ શક્તિઓ વર્ણવી છે. તેમાં સૌથી પહેલી ‘જીવત્વશક્તિ’ છે.

## ચૈતન્યજીવન જીવવું તે જ મોક્ષના મહોત્સવની સાચી ઉજવણી છે

જીવત્ત્વશક્તિથી આત્મા સદા જીવંત છે...કઈ રીતે જીવે છે? ચૈતન્યપ્રાણથી સદા જીવે છે. અન્નથી કે શરીરથી તે નથી જીવતો, રાગથી પણ નથી જીવતો, એ બધા છૂટી જવા છતાં ચૈતન્યપ્રાણથી જીવ સ્વયં જીવે છે; એવી જીવત્વશક્તિ જ્ઞાનભાવમાં સાથે જ વર્તે છે.

આવું ચૈતન્યજીવન મહાવીર ભગવાને બતાવ્યું છે. ભગવાન પોતે આવું જીવન જીવે છે, ને બીજાને તેવા જીવનનો ઉપદેશ દીધો છે. આવું જીવન જીવવું તે જ મહાવીર પ્રભુના મોક્ષની સાચી ઉજવણી છે. મહાવીર પ્રભુને અને તેમના ઉપદેશને ઓળખ્યા વગર એકલી બહારની ધામધૂમથી મહાવીર પ્રભુનો સાચો ઉત્સવ ઉજવી શકાતો નથી. દેહથી ભિન્ન–રાગથી ભિન્ન ચૈતન્યપ્રાણરૂપ જીવન જીવો, અને બીજાને એવું જીવન જીવવાનું સમજાવો,–એ મહાવીરનો સંદેશ છે; પણ પરજીવને આત્મા જીવાડી શકે–એમ કાંઈ મહાવીરનો ઉપદેશ નથી.

ચૈતન્યશક્તિની સાધના તે મહાવીર પ્રભુનો માર્ગ. તે માર્ગમાં એટલે કે ચૈતન્યશક્તિની સાધનામાં વચ્ચે રાગ નથી. ચૈતન્યશક્તિના શુદ્ધ પરિણમનમાં રાગ સમાય નહીં. આત્મા જ તેને કહ્યો કે જે પોતાની અનંતશક્તિ સહિત જ્ઞાનમાત્ર ભાવપણે પરિણમી રહ્યો છે, તે પરિણમનની અસ્તિમાં રાગાદિ પરભાવોની નાસ્તિ છે.

જ્ઞાનમાત્ર ભાવમાં પરિણમતી અનંત શક્તિઓ તે બધી શુદ્ધ છે, તેમાં રાગાદિ અશુદ્ધતા સમાતી નથી; રાગાદિભાવો જ્ઞાનમાત્ર ભાવથી બહાર છે. અહો, આવા અનેકાન્તનું સ્વરૂપ સમજવું તે તો કોઈ અપૂર્વ વાત છે, ને તે જ મહાવીરનાથનો માર્ગ છે.

## * સાચું આત્મજીવન *

### પરથી જીવે એવો પરાધીન આત્મા નથી;

### આત્મા તો સ્વાધીન ચૈતન્યપ્રાણવડે જીવનારો છે.

જ્ઞાનસ્વરૂપ આત્માના અનુભવનું પરિણમન થતાં આત્માનું જીવન ચૈતન્યભાવરૂપ પ્રાણવાળું થયું, ચૈતન્યભાવે આત્મા જીવંત થયો, અનંતગુણનું સાચું જીવન પર્યાયમાં પ્રગટયું. આવું ચૈતન્યજીવન તે ધર્મીનું આત્મજીવન છે. શરીરમાં કે રાગમાં આત્માનું જીવન નથી; ચૈતન્યભાવમાં જ આત્માનું જીવન છે.

આવા ચૈતન્યજીવનના કારણ–કાર્ય આત્મામાં જ છે, તેને બહારનાં કારણ–કાર્ય સાથે કાંઈ સંબંધ નથી. આત્મા એવો તુચ્છ નથી કે તેને જીવવા માટે જડશરીરની–પૈસાની–આયુકર્મની કે રાગની જરૂર પડે; તે બધાય વગર એકલો પોતાના ચૈતન્યભાવથી જીવે એવી આત્માની જીવન–તાકાત છે. આવા આત્માને જ્ઞાનમાં લેતાં પર્યાય પણ એવું આનંદમય–અતીન્દ્રિય જીવન જીવનારી થઈ ગઈ; તેમાં કયાંય શરીર સાથે ધન સાથે રાગ સાથે કર્મ

સાથે એકતા રહી નહીં પણ તેનાથી ભિન્ન ચૈતન્યભાવરૂપ તે થઈ ગઈ.–આવું જીવન તે ધર્મીનું જીવન છે. ચોથા ગુણસ્થાનવાળા ધર્માત્માથી શરૂ કરીને સિદ્ધ પરમાત્મા સુધી બધાય જીવો આવું જીવન જીવે છે.

–આવી જીવત્વશક્તિવાળો આત્મા જ્ઞાનલક્ષણથી લક્ષિત છે.

જીવત્વશક્તિવાળા આત્માનો જ્યાં સ્વીકાર છે ત્યાં સાચું જીવન છે.

જ્યાં આવા આત્માનો સ્વીકાર નથી ત્યાં સાચું જીવન પણ નથી.

* કારણસ્વભાવનો જ્યાં સ્વીકાર છે ત્યાં સમ્યક્ત્વાદિ કાર્ય પણ વિદ્યમાન છે જ.
* જ્યાં કારણસ્વભાવનો સ્વીકાર નથી ત્યાં કાર્ય પણ હોતું નથી.
* કોઈ કહે કે અમારામાં કારણ છે પણ સમ્યક્ત્વાદી કાર્ય હજી થયું નથી,–તો તેણે કારણનો પણ સાચો સ્વીકાર કર્યો નથી.
* જેને પર્યાયમાં સમ્યક્ત્વાદિ થયું છે તેને કારણ પણ સદાય નીકટ જ વર્તે છે, તેને કારણ જરાય દૂર નથી, કારણનો કદી વિરહ નથી.

જ્ઞાનમાત્ર આત્મભાવમાં કારણ ને કાર્ય, શક્તિ ને વ્યક્તિ, અસ્તિ ને નાસ્તિ વગેરે અનંત ધર્મો એક સાથે સમાય છે.

## પરમાત્માના ઘરે ? પુત્રના અવતારથી સમસ્ત ગુણ–પરિવારને આનંદ

જ્ઞાનલક્ષણવડે આત્માને રાગથી ભિન્ન કરીને, જ્ઞાનભાવના અનુભવરૂપ પરિણમન થયું, ત્યારે તે જ્ઞાનચેતનામાં વ્યાપનારી આત્માની અનંતશક્તિમાંથી દરેક શક્તિ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં શુદ્ધપણે વ્યાપનારી છે.

રાગ કાંઈ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં વ્યાપી શકતો નથી, જ્ઞાનાદિ સ્વભાવગુણોમાં જ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં તન્મય થઈને રહેવાની શક્તિ છે, ને એવી શક્તિનું પરિણમન થતાં રાગાદિ ભાવો તેમાંથી બહાર રહી જાય છે, જ્ઞાનપરિણમનમાં રાગ પ્રવેશ કરી શકતો નથી, પણ અનંતગુણનો નિર્મળસ્વાદ તેમાં સમાઈ જાય છે. તે જ્ઞાનક્રિયામાં તેના કર્તા–કરણ વગેરે છ કારકો પણ સમાઈ જાય છે, તે છએ કારકો જ્ઞાનમય છે, કોઈ કારક જ્ઞાનથી ભિન્ન કે રાગમય નથી. અહા, ચૈતન્યપરિણામ તે તો પરમાત્માનો પુત્ર છે; પરમાત્માના ઘરે શુદ્ધપર્યાયરૂપી પુત્ર થતાં તેનો સમસ્ત ગુણ–પરિવાર આનંદિત થાય છે, સમસ્ત ગુણસમાજરૂપ કુટુંબ–પરિવારમાં આનંદ–આનંદ વ્યાપી જાય છે. દ્રવ્ય–ગુણ–

પર્યાય ત્રણે અસંખ્ય પ્રદેશે સરખાં છે, તે અસંખ્યપ્રદેશમાં સર્વત્ર આનંદ વ્યાપે છે, સર્વત્ર જ્ઞાન વ્યાપે છે,–એમ અનંતી શક્તિઓ નિર્મળપણે અસંખ્યપ્રદેશી દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં વ્યાપે છે. આવો આખો આત્મા ધર્મીના અનુભવમાં, શ્રદ્ધામાં, જ્ઞાનમાં આવ્યો છે. અને જ્યારે આવો આત્મા જ્ઞાનમાં આવ્યો ત્યારે જ મહાવીર પ્રભુને ઓળખીને તેમને સાચા નમસ્કાર થયા. આ સિવાય જેમને આત્માના સ્વરૂપની ખબર નથી એવા મિથ્યાત્વી જીવો, હે મહાવીર પ્રભો! આપને સાચા નમસ્કાર નહિ કરી શકે, તેઓ આપને નહિ ઓળખી શકે.

## અહો, ચૈતન્યની અદ્‌ભુત સુંદરતા!

અહા, ચૈતન્યની અદ્‌ભુત સુંદરતા! એની શી વાત? પરમેશ્વરની જેટલી સુંદરતા છે તે બધી સુંદરતા આ ચૈતન્યમાં પણ ભરી છે. એકવાર એને અનુભવમાં લીધી ત્યાં આખા જગતમાં એનાથી સુંદર બીજું કાંઈ ભાસતું નથી. આવા સુંદર ચૈતન્યનિધાન જેણે પોતામાં દેખ્યા તેને જડ નિધાનનું સ્વામીપણું રહે જ નહિ. એટલે તેની મમતા ઘટી જ જાય. ચૈતન્ય પાસે જ્યાં રાગનુંય સ્વામીત્વ નથી રહેતું ત્યાં જડ શરીર–પૈસા વગેરેની તો વાત જ શી?

## ધર્મીની જ્ઞાનચેતના અનંતગુણના વૈભવસહિત પ્રગટી છે.

જ્ઞાનશક્તિરૂપ ગુણ આત્મામાં સદાય છે, પણ જ્ઞાનચેતના સદાય નથી હોતી, તે તો નવી પ્રગટે છે,–જ્યારે જ્ઞાનાદિ અનંત શક્તિસંપન્ન પોતાનો અનુભવ કરીને જ્ઞાન પરિણમ્યું ત્યારે જીવને જ્ઞાનચેતના પ્રગટી. તે જ્ઞાનચેતના અનંત ગુણોનું વેદન સાથે લઈને પ્રગટી છે.

–ત્યાર પહેલાં શું જ્ઞાનની પર્યાય ન હતી?

–હતી તો ખરી, પણ તે પર્યાય મિથ્યાત્વસહિત અજ્ઞાનરૂપ હતી, રાગથી ભિન્ન ચૈતન્યસ્વાદનું વેદન તેમાં ન હતું તેથી તેને જ્ઞાનચેતના કહેતા નથી. એકલા પરસન્મુખી ઇંદ્રિયજ્ઞાનમાં આત્માની પ્રસિદ્ધિ નથી તેથી તે ઇંદ્રિયજ્ઞાનને આત્માનું લક્ષણ પણ ખરેખર કહેતા નથી; ઇંદ્રિયજ્ઞાનવડે આત્માનું ગ્રહણ થતું નથી. અતીન્દ્રિય થઈને આત્માને પકડનારું જ્ઞાન, આત્માના અનંતધર્મોસહિત પરિણમી રહ્યું છે.–આ રીતે આત્માનું જ્ઞાન અનેકાન્તસ્વરૂપે વિલસી રહ્યું છે.

આત્માની અનંતશક્તિ છે, તે એકેક જુદી નથી વર્તતી, પણ એકેક શક્તિ બીજી અનંત શક્તિસહિત વર્તે છે; ક્ષણિકપણું ને નિત્યપણું બંને તેમાં એકસાથે વર્તે છે; છએ કારક એકસાથે વર્તી રહ્યા છે.

## આચાર્યદેવે ચખાડયો છે–ચૈતન્યસુખનો અપૂર્વ સ્વાદ

જ્ઞાનસ્વરૂપે પરિણમતો આત્મા સુખસ્વરૂપ પોતે જ છે; સુખ જ્ઞાનથી જુદું રહેતું નથી. સુખ સર્વગુણોમાં વ્યાપક છે. ધર્મીને આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં સુખની વ્યાપ્તિ છે. આત્માના અનંતગુણનો આનંદ સુખશક્તિમાં ભર્યો છે. જ્યારે જ્ઞાનઉપયોગ તેમાં એકાકાર થાય ત્યારે જેનું વર્ણન વચનથી ન થઈ શકે એવો અતીન્દ્રિય નિર્વિકલ્પ આનંદ થાય છે. આવા આનંદસહિતનું જીવન તે જ આત્માનું સાચું જીવન છે; તે સુખજીવનમાં બીજા કોઈની અપેક્ષા નથી.

સુખનો પર્વત આત્મા, તેમાંથી આનંદનું મધુરું ઝરણું ઝરે છે. જ્ઞાનપરિણમન સાથે સુખ છે, જ્ઞાન સાથે દુઃખ તન્મયપણે નથી. સુખ ને દુઃખ બંનેનું વેદન એક જ પર્યાયમાં હોવા છતાં, તેમાંથી સુખનું વેદન તો જ્ઞાનધારા સાથે તન્મય છે, ને દુઃખનું વેદન જ્ઞાનધારાથી અતન્મય છે.–અહો, આવું સૂક્ષ્મભાવોનું ભેદજ્ઞાન, તે જૈનમાર્ગની અલૌકિક ચીજ છે. એક સમયમાં સુખ ને દુઃખ, બંનેના છ–છ કારકો પોતપોતામાં જુદેજુદા વર્તે છે. દુઃખના કારકો સુખમાં નથી, સુખનાં કારકો દુઃખમાં નથી. જ્ઞાનના કારકો રાગમાં નથી, રાગના કારકો જ્ઞાનમાં નથી.–આવું સૂક્ષ્મ ભેદજ્ઞાન અનેકાન્તમાર્ગ સિવાય બીજે ક્યાંય નથી. આવો અનેકાન્તમાર્ગ તે ભગવાન મહાવીરનો માર્ગ છે.

અહો, જ્ઞાનસ્વરૂપ આત્માને વેદનમાં લેતાં આત્માના સુખનું જે વેદન થયું તે સુખના એક અંશ પાસે પણ આખા જગતની બાહ્યવિભૂતિની કાંઈ જ ગણતરી નથી. અહો, આ તો સર્વજ્ઞનો માર્ગ! તેમાં કહેલું આત્માનું સ્વરૂપ જેણે શ્રદ્ધા–જ્ઞાનમાં પચાવ્યું તે જીવ ન્યાલ થઈ ગયો, તેના જન્મ–મરણનો અંત આવી ગયો ને મોક્ષસુખનો નમૂનો તેણે ચાખી લીધો.

જ્ઞાન–સુખ–પ્રભુતા વગેરે અનંતભાવોથી ભરેલા નિજસ્વરૂપની રચના કરે એવા સામર્થ્યવાળું આત્મવીર્ય છે. જ્યારે આત્મા જ્ઞાનસ્વરૂપે પરિણમ્યો ત્યારે તેમાં

અનંતગુણના શુદ્ધ કાયની રચના કરવારૂપ વીર્યશક્તિ પણ ભેગી જ છે. સમ્યક્ત્વાદિ નિજગુણની રચના નિજવીર્ય શક્તિથી આત્મા પોતે કરે છે, તેમાં વચ્ચે રાગની કે બીજા કોઈ નિમિત્તની જરૂર નથી. આવા આત્માની પ્રતીતવડે પંચપરમેષ્ઠી જેવું સુખ ધર્મી પોતામાં અનુભવે છે. અરે, આવા ચૈતન્યતત્ત્વના મંથનમાં શાંતિના તરંગ પણ કોઈ જાુદી જાતના હોય છે. એના અનુભવના આનંદનું તો શું કહેવું?

## * અનંત ચૈતન્યશક્તિઓ કોતરાઈ ગઈ છે, –ક્યાં? *

આત્માની આ બધી શક્તિ આપણા (સોનગઢના) પરમાગમ–મંદિરમાં આરસના પાટિયામાં કોતરાઈ ગઈ છે...ને ધર્મીના અંતરમાં ભાવશ્રુતજ્ઞાનના પાટીયામાં તે કોતરાઈ ગઈ છે; અને હે જીવ! તું પણ તારા અંતરમાં ભાવશ્રુતમાં તે કોતરી લે! તો તને તેનો અગાધ મહિમા સમજાશે. અનંત શક્તિનું મંદિર આ આત્મા પોતે છે. તેનો જેણે અનુભવ કર્યો તેણે સમસ્ત શ્રુતજ્ઞાન–પરમાગમનો સાર આત્મામાં ટંકોત્કીર્ણ કરી લીધો, અનંત શક્તિ તેના આત્મામાં કોતરાઈ ગઈ. અનંત શક્તિવડે તેણે પોતાના આત્માને શણગાર્યો...શોભાવ્યો...ચૈતન્યની પરમ વીરતા ને પ્રભુતા તેણે પ્રગટાવી.

અસંખ્યપ્રદેશી આત્મભૂમિમાં મહાન આનંદ પાકે છે. તે આનંદની રચના રાગવડે નથી થતી, પણ સ્વરૂપને રચનારી આત્માની વીર્યશક્તિ વડે જ તેની રચના થાય છે. જ્ઞાન–સુખ–વીર્ય બધી આત્મશક્તિઓ એક સાથે નિર્મળભાવપણે ઉલ્લસે છે. આવો સ્વભાવ પ્રતીતમાં આવતાં જ અનંતગુણોમાં નિર્મળ પરિણમન શરૂ થઈ જાય છે. તે પરિણમનમાં રાગ ન સમાય. આવા શુદ્ધ ગુણો ને પર્યાયો તે બેમાં જ્ઞાનસ્વરૂપ આત્મા રહેલો છે. ધર્મીની પર્યાયમાં ચૈતન્યના અનંત ખજાના ખુલ્લી ગયા છે; અનંત શક્તિઓ તેની પર્યાયમાં કોતરાઈ ગઈ છે. શબ્દોથી લખવામાં અનંત શક્તિઓ ન આવી શકે, અંતરના વેદનમાં અનંતશક્તિનો સ્વાદ આવી જાય છે.

## * પ્રભુએ બતાવેલી ચૈતન્યની પ્રભુતા; એની શોભાની શી વાત! *

આત્મામાં સ્વાધીન–પ્રભુતા છે. વીરનાથની વાણીએ તે પ્રભુતા પ્રકાશી છે; ને ધર્મીએ પોતાની પ્રભુતાને વિશ્વાસમાં લીધી છે, પર્યાયમાં પણ તેને પ્રભુત્વ ભાસ્યું છે... સ્વસંવેદનમાં આવ્યું છે.

પ્રવચનસારના પરિશિષ્ટમાં ૪૭ નયથી આત્માના શુદ્ધ–અશુદ્ધ બધા ધર્મો

બતાવ્યા છે. અહીં સમયસારના પરિશિષ્ટમાં જ્ઞાન સાથેની ૪૭ શક્તિના પરિણમનનું વર્ણન છે–એમાં અશુદ્ધતા ન આવે, એમાં તો જ્ઞાન સાથે વર્તતી શુદ્ધતા જ આવે. ચૈતન્યત્વ જાગ્યું ને પોતાના સ્વભાવરૂપ પરિણમ્યું તેમાં અપાર પ્રભુતા ખીલી નીકળી છે...દ્રવ્યસ્વભાવમાં પ્રભુતા તો બધા જીવોમાં છે, અહીં તો તે પ્રભુતા પર્યાયરૂપ પરિણમી તેની વાત છે. ધર્મીની પર્યાયમાં કર્મની પ્રભુતા ચાલતી નથી, ધર્મીનો આત્મા પોતે પ્રતાપવંત સ્વતંત્રતારૂપી પ્રભુતા વડે શોભી રહ્યો છે, તેનો પ્રતાપ કે તેની શોભા કોઈથી હણી શકાય નહીં. અહા, ચૈતન્યપ્રભુની તાકાતની શી વાત? એના પ્રતાપની, એની શોભાની શી વાત? ચૈતન્યની પ્રભુતામાં રાગ–વિકલ્પો કેવા? ચૈતન્યની અખંડ શોભામાં રાગનું કલંક કેવું? ચૈતન્યપ્રભુ સ્વપર્યાયમાં સ્વાધીનપણે શોભે છે, તેની શોભા માટે કોઈની પરાધીનતા નથી. સ્વાધીનપણે શુદ્ધતારૂપે પોતે પ્રભુ થઈને પરિણમે છે. તે પરિણમનમાં કર્મ સાથે સંબંધનો અભાવ છે. અહો, આવી પ્રભુતાના સંસ્કાર આત્મામાં નાખતાં એકવાર તારી પ્રભુતા ખીલી નીકળશે. પ્રભુત્વશક્તિ જીવમાં પારિણામિકભાવે ત્રિકાળ છે–સહજ સ્વભાવરૂપ છે. તેનો સ્વીકાર કરનારને પર્યાયમાં તેનું વ્યક્ત પરિણમન થવા માંડે છે એટલે ક્ષાયિકાદિભાવરૂપ પ્રભુતા પ્રગટે છે. આમ ગુણ–પર્યાયની અલૌકિક સંધિ છે. ગુણનો સ્વીકાર કરીને પરિણમે, અને ગુણ જેવી શુદ્ધ પર્યાય ન થાય–એમ બને નહીં. સ્વભાવના ભરોસે એની પર્યાયનું વહાણ તરવા માંડયું. તેનું ચૈતન્યતેજ ખીલવા માંડયું...તેના ચૈતન્ય–તેજની પ્રભુતા સામે કોઈ જોઈ શકે નહિ, તેના પ્રતાપને કોઈ હણી શકે નહીં.

બાપુ! તારા ચૈતન્યમહેલમાં પ્રવેશ કરતાં જ તને તારી પ્રભુતાના કોઈ અલૌકિક નિધાન દેખાશે...તારો ચૈતન્યદેવ તને કેવળજ્ઞાનાદિ અનંતગુણની અખૂટ લક્ષ્મી દેશે. આવી પ્રભુતાના સંસ્કાર પર્યાયમાં પાડ, તો અનાદિના કષાયના સંસ્કાર તારી પર્યાયમાંથી છૂટી જશે. તારી પર્યાયમાં પ્રભુતાનો મોટો દરિયો અનંત ગુણથી ભરિયો છે, તે સ્વાધીનપણે શોભે છે.

### * આત્મશક્તિની ગંભીરતા...એ તો સ્વસંવેદનગોચર છે *

અહો, ગંભીર આત્મશક્તિઓ, તેના ઊંડાણનો પાર વિકલ્પ વડે પામી શકાતો નથી, પણ જ્ઞાનના અંતર્મુખ સ્વસંવેદનમાં બધી શક્તિનો સ્વાદ આવી જાય છે.

અહો, જે જ્ઞાનપર્યાય વિશ્વને સ્પર્શ્યા વગર વિશ્વ જેમાં જણાઈ જાય છે–એવી

સર્વજ્ઞપરિણતિરૂપે પરિણમવાના સ્વભાવવાળો આત્મા છે. આવા આત્માને ધર્મીજીવે શ્રદ્ધા–જ્ઞાનમાં લીધો છે; પરમાત્માના ઘરમાં તે પ્રવેશી ચુકયો છે.–એના પરમાત્મસ્વભાવ પાસે રાગની તે શી કિંમત છે? ‘સર્વજ્ઞસ્વભાવ’ માં રાગની સર્વથા નાસ્તિ છે. એટલે આવો સર્વજ્ઞસ્વભાવ જેને પોતાના અંતરમાં બેઠો તે જીવ રાગથી છૂટયો–ભવથી છૂટયો, મોક્ષ તરફ ચાલ્યો...એની પરિણતિનો પ્રવાહ સર્વજ્ઞતા તરફ ચાલ્યો.

અહા, અગાધ ચૈતન્યતાકાતની શી વાત!

એક જીવ સાતહાથનો હોય ને કેવળજ્ઞાન પામે;

એક જીવ સવાપાંચસો ધનુષનો હોય ને કેવળજ્ઞાન પામે;

બંને જીવનું કેવળજ્ઞાન–સામર્થ્ય સરખું જ છે. આવો કેવળજ્ઞાનસ્વભાવ તે વિકલ્પનો વિષય નથી, એ તો સ્વસંવેદનજ્ઞાનનો વિષય છે.

## * સોનેરી શક્તિઓ * જ્ઞાનશક્તિમાં કેવળજ્ઞાનની કોતરણી *

અહા, જ્ઞાનની ઊંડપનો કોઈ પાર નથી. એ જ્ઞાનશક્તિમાં આ કેવળજ્ઞાનની કોતરણી ચાલે છે. બહારમાં પરમાગમમંદિરના આરસમાં આ આત્મશક્તિઓ (સોનેરી અક્ષરે) કોતરાઈ ગઈ છે, ને અંદર જ્ઞાનીના જ્ઞાનમાં અનંતી આત્મશક્તિઓ કોતરાઈ ગઈ છે. શબ્દોની કોતરણીમાં અનંત શક્તિ ન સમાય, પણ સ્વસંવેદન જ્ઞાનના અનુભવમાં અનંત શક્તિનો સ્વાદ એકસાથે સમાય છે.

જ્ઞાનલક્ષણથી જ્યાં અનંતધર્મસ્વરૂપ આત્માને અનુભવમાં લીધો ત્યાં ધર્મીને નિજાનંદનો વિકાસ થવા માંડયો, ચૈતન્યતત્ત્વ પોતાના અનંતગુણની નિર્મળપર્યાયમાં વિકસવા માંડયું, તેમાં હવે સંકોચ નહિ થાય. સંકોચ વગરનો વિકાસ થાય એવો આત્માનો સ્વભાવ હોવાથી, આત્માના બધાય ગુણોમાં સંકોચ વગરનું પરિણમન થાય છે.–આવું પરિણમન ક્યારે થાય?–કે જ્યારથી ચૈતન્યતત્ત્વને પ્રતીતમાં લીધું ત્યારથી જ આવું પરિણમન શરૂ થાય છે.

## * કેવળજ્ઞાન કદી કરમાય નહીં *

ચૈતન્યલક્ષ્મીનો વિકાસ પ્રગટયો તે ફરીને કદી સંકોચાય નહીં, કેમકે તે સ્વાભાવિક વિકાસ છે; બહારમાં લક્ષ્મી વગેરેનો તો વિકાસ થાય ને પાછી હાનિ પણ

થઈ જાય; પુણ્યભાવો પણ સંકોચ–વિકાસ સ્વભાવવાળા છે, તેનો વિકાસ દેખાય તે કાંઈ સદા વિકાસરૂપ નથી રહેતો, અલ્પકાળમાં પાછો પલટો થઈ જાય છે. પણ આત્માનો જે વિકાસ અંદરની શક્તિમાંથી પ્રગટયો તે કદી હાનિ કે સંકોચ પામે નહિ. કેવળજ્ઞાનાદિ લક્ષ્મી પ્રગટી તેનો વિકાસ અનંત–અનંતકાળ સુધી એવો ને એવો જ રહ્યા કરે છે, તે કેવળજ્ઞાન કદી કરમાતું નથી.

આવા આત્માને જાણીને તેનું જે સેવન કરે તેને તો નિજશક્તિનો વિકાસ જ થાય છે. જે આત્માને જાણે નહિ, તેને સેવે નહિ, તેને તેનો વિકાસ કયાંથી થાય? શુદ્ધઆત્માને જે જાણે છે તે તેનું સેવન કરે જ છે, ને તે રાગનું સેવન છોડે જ છે, એટલે તેને શુદ્ધપર્યાયરૂપ પરિણમન થાય જ છે.–આવા જીવની ચૈતન્યપરિણતિમાં જે શક્તિઓ ઊલ્લસે છે તેનું આ વર્ણન છે. સત્ ‘છે’ તેનું આ વર્ણન છે.

## * આત્માને પ્રત્યક્ષ કરવાની મતિશ્રુતજ્ઞાનની અચિંત્ય તાકાત *

‘આત્મા પ્રત્યક્ષ થાય જ નહીં કેમકે અતીન્દ્રિય છે’–એમ જે માને છે તેણે આત્માની સ્વસંવેદન–પ્રત્યક્ષતારૂપ પ્રકાશશક્તિને જાણી નથી; તે તો ઇંદ્રિયોને જ આત્મા માને છે, એટલે ઇંદ્રિયાતીત જ્ઞાનનું કાર્ય તેને વિશ્વાસમાં આવતું નથી. ઇંદ્રિયજ્ઞાનને જ આત્મા માનીને તે અતીન્દ્રિયઆત્માનો અનાદર કરે છે.

આત્મા અતીન્દ્રિય હોવા છતાં તે અતીન્દ્રિયને પણ સ્વસંવેદનવડે પ્રત્યક્ષ કરવાની મતિશ્રુતજ્ઞાનમાં તાકાત છે; તે જ્ઞાનમાં ઇંદ્રિયનું અવલંબન સ્વસંવેદન વખતે રહેતું નથી. અરે જીવ! ભગવાન સર્વજ્ઞપરમાત્મા આ તને તારી મોક્ષની વિભૂતિ દેખાડે છે. ઇંદ્રિયજ્ઞાનથી જ કામ કરનારો તું નથી, તારામાં તો સ્વયં પોતે પોતાને સ્વસંવેદનવડે પ્રત્યક્ષ કરવાની તાકાત છે. આત્માને સ્વસંવેદનવડે પ્રત્યક્ષ કરવામાં બીજા કોઈનું આલંબન રહેતું નથી, પ્રકાશશક્તિના બળે આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ કરવાનું કામ કરે છે. શક્તિના સ્વસંવેદનવડે આત્મપ્રભુ આનંદના ઝુલે ઝૂલે છે.

ઇંદ્રિયોથી, નિમિત્તોથી, રાગથી, ઇંદ્રિયજ્ઞાનથી ભગવાન આત્મા સ્વસંવેદનમાં આવે એવો નથી. જ્ઞાનપ્રકાશથી જ્યાં સ્વસંવેદન કરીને આત્માને પ્રત્યક્ષ કર્યો–ત્યાં ઇંદ્રિયોનું નિમિત્તોનું રાગનું કે ઇંદ્રિયજ્ઞાનનું આલંબન રહેતું નથી. દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં પ્રકાશશક્તિ હોવાથી તે પ્રત્યક્ષ થાય છે, એવો દેખતો ભગવાન આત્મા છે. આત્મા

આંધળો નથી કે પોતે પોતાને ન દેખે. સ્વયં પોતે પોતાને (બીજા કોઈની સહાય વગર) દેખે–સાક્ષાત્ દેખે–અનુભવે એવી પ્રકાશશક્તિવાળો આત્મા છે. આત્મામાં આવો પ્રકાશસ્વભાવ હોવાથી તેના બધા ગુણોમાં પણ પ્રકાશસ્વભાવપણું છે, એટલે આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાય બધું સ્વરૂપ સ્વસંવેદનપ્રત્યક્ષ થાય એવો પ્રકાશસ્વભાવી આત્મા છે.

અહો, વીતરાગસંતોની વાણી!–જેણે જાણી તે ન્યાલ થઈ જાય છે. ગુરુદેવ કહે છે–અહો! આ સમયસાર તો આત્માને જોવાનું અજોડ નેત્ર છે, તે આત્માનો સાક્ષાત્કાર કરાવે છે. અહો! આ પંચમકાળમાં પણ આત્માને સાધીને એકાવતારી થઈ શકાય–એવી સામગ્રી આ સમયસારમાં રહી ગઈ છે. એ તો જે અનુભવ કરે એને એની ગંભીરતાની ખબર પડે. માટે આચાર્યદેવે કહ્યું છે કે આ સમયસારમાં નિજવૈભવથી અમે જે આત્મસ્વભાવ બતાવીએ છીએ–તે સ્વાનુભવ–પ્રત્યક્ષ વડે તમે પ્રમાણ કરજો.

બાપુ! આ તારા આત્માની પ્રાપ્તિના અલૌકિક મારગડા કહેવાય છે.

ભગવાન આત્મા સ્વયં–પ્રકાશમાન એવા સ્પષ્ટ સ્વસંવેદનની શક્તિવાળો છે. મતિશ્રુતજ્ઞાનને સામાન્યપણે પરોક્ષ કહ્યા હોવા છતાં, સ્વસંવેદન બળે મિથ્યાત્વનો નાશ કરતાં તેનામાં કોઈ એવી અચિંત્ય સાતિશય અદ્ભુત શક્તિ પ્રગટે છે કે તે આત્માને પ્રત્યક્ષ કરે છે.

શું મતિશ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થાય?

હા, સ્વસંવેદન વખતે તે જ્ઞાનમાંય એવી અદ્ભુતશક્તિ ખીલી જાય છે. પંચાધ્યાયી (ગાથા ૭૦૬ થી ૭૧૦)માં કહે છે કે–મતિ–શ્રુતજ્ઞાન સામાન્યપણે પરોક્ષ હોવા છતાં તેમાં એટલી વિશેષતા છે કે સ્વાનુભૂતિના સમયમાં તે પણ પ્રત્યક્ષ થઈ જાય છે. મિથ્યાત્વના નાશથી સમ્યગ્દ્રષ્ટિજીવને ખરેખર કોઈ એવી અનિર્વચનીય શક્તિ હોય છે કે જે શક્તિદ્વારા આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ થાય છે. અહીં આચાર્યદેવે પ્રકાશશક્તિમાં એ વાત સ્પષ્ટ કરી છે.

**અહો, જ્ઞાનશક્તિવડે પોતેપોતાના આત્માનું આવું સ્પષ્ટ-પ્રત્યક્ષ**

**સ્વસંવેદન કરવું તે જ વીરનાથપ્રભુની પરમ પ્રસાદી છે;**

**ને તે જ વીરપ્રભુના મોક્ષનો સાચો મહોત્સવ છે.**

# નિયમા કે ભજનીય ?

કઈ વસ્તુ નિયમા છે? ને કઈ વસ્તુ ભજનીય છે? તે સંબંધી સમજણ ગતાંકમાં ૧૨ દાખલા વડે આપી હતી; ને બીજા દશ દાખલા વિચારવા માટે લખ્યા હતા. તે દશ દાખલાનો ખુલાસો નીચે મુજબ છેઃ–

(૧) યોગનું કંપન હોય ત્યાં કેવળજ્ઞાન...ભજનીય છે, કોઈ ઠેકાણે હોય છે ને કોઈ ઠેકાણે નથી હોતું; જેમકે ૧૨ ગુણસ્થાન સુધી યોગનું કંપન છે પણ કેવળજ્ઞાન નથી; તેરમા ગુણસ્થાને યોગનું કંપન પણ છે ને કેવળજ્ઞાન પણ છે.

* ઉપરની જેમ, કેવળજ્ઞાન હોય ત્યાં યોગનું કંપન તે પણ ભજનીય છે; ચૌદમા ગુણસ્થાને કેવળજ્ઞાન હોવા છતાં યોગનું કંપન નથી.

* અયોગીપણું (અકંપપણું) હોય ત્યાં કેવળજ્ઞાન નિયમથી હોય છે;

* કેવળજ્ઞાન હોય ત્યાં અયોગીપણું હોય કે ન હોય,–નિયમ નથી, એટલે તે ભજનીય છે.

(૨) કેવળજ્ઞાન હોય ત્યાં પંચેન્દ્રિયપણું...ભજનીય છે. સિદ્ધભગવંતોને કેવળજ્ઞાન છે પણ પંચેન્દ્રિયપણું નથી.

(૩) સમ્યગ્જ્ઞાન હોય ત્યાં રાગ ભજનીય છે...ચોથા વગેરે ગુણસ્થાને સમ્યગ્જ્ઞાન પણ હોય છે ને રાગ પણ હોય છે,–બંને સાથે હોવામાં વિરોધ નથી; અને ઉપરના ગુણસ્થાને ક્ષીણમોહ વગેરે જીવોને સમ્યગ્જ્ઞાન હોવા છતાં રાગ નથી હોતો. આ રીતે સમ્યગ્જ્ઞાન સાથે રાગનું હોવાપણું ભજનીય છે, નિયમરૂપ નથી.

(૪) અરૂપીપણું હોય ત્યાં ચેતનપણું...ભજનીય છે; કેમકે અરૂપી તો અચેતન પણ હોઈ શકે છે. જેમકે આકાશદ્રવ્ય અરૂપી હોવા છતાં અચેતન છે.

(૫) ચેતનપણું હોય ત્યાં અરૂપીપણું નિયમા હોય છે. કોઈ પણ ચેતનવસ્તુ રૂપી હોતી નથી, અરૂપી જ હોય છે.

(૬) કેવળજ્ઞાન હોય ત્યાં પરમઔદારિકશરીર...ભજનીય છે...પ્રભુ સિદ્ધોને કેવળજ્ઞાન હોય છે પણ તે શરીર હોતું નથી.

(૭) જીવનું લોકવ્યાપીપણું...ભજનીય છે...કેમકે બધા જીવો લોકવ્યાપી નથી હોતા,

પરંતુ કેવળજ્ઞાન–સમુદ્‌ઘાત વખતે જીવ લોકવ્યાપી પણ હોય છે.

(૮) જીવમાં રાગ...ભજનીય છે. કોઈવાર હોય છે, કોઈવાર નથી હોતો. રાગ વગર પણ જીવનું અસ્તિત્વ રહે છે.

(૯) જીવમાં જ્ઞાન નિયમા છે. જ્ઞાન વગરનો કોઈ જીવ હોતો નથી.

(૧૦) અયોગીપણું હોય ત્યાં કેવળજ્ઞાન નિયમથી હોય જ છે.

## પરમાગમને જાણીને પરમાતમને અનુભવો

પરમાગમ સમયસારમાં શુદ્ધાત્માનું સ્વરૂપ દેખાડતાં પ્રભુ કુન્દકુન્દસ્વામી ખાસ ભલામણ કરે છે કે 'હું આ જે શુદ્ધ આત્મા દેખાડું છું તે તમે તમારા સ્વાનુભવથી પ્રમાણ કરજો. જિનાગમ એ માત્ર જોવાની, કે એકલા બાહ્ય શોભા–શણગારની જ વસ્તુ નથી, એના અંતર–હાર્દ સુધી પહોંચીને સ્વાનુભવ કરવાનો છે. એટલે માત્ર પરમાગમ–મંદિરનો ભવ્ય ઉત્સવ કરીને અટકશો નહિ, જે પરમાગમ તેમાં કોતરાયા છે તે પરમાગમના અભ્યાસમાં નિરંતર ચિત્તને જોડીને, તેના ઊંડા હાર્દ સુધી પહોંચીને, આનંદમય પરમાત્મતત્ત્વને અનુભૂતિગમ્ય કરજો.–એ જિનવાણીની સર્વોત્તમભક્તિ છે, ને એ વીતરાગગુરુઓની ભલામણ છે. સમયસાર–જિનાગમના અંતમાં 'આનંદમય વિજ્ઞાનઘન આત્માને પ્રત્યક્ષ કરતું આ અક્ષય જગતચક્ષુ પૂર્ણતાને પામે છે'–એમ કહીને "આત્માનો પ્રત્યક્ષ અનુભવ" તે આ આગમનું ફળ બતાવ્યું છે.

કાશીના પં. શ્રી કૈલાશચંદજી 'જૈન સંદેશ' માં લખે છે કે–"ભક્તિપૂર્વક શ્રુતની ઉપાસના તે જિનની જ ઉપાસના છે. જિનદેવમાં ને શ્રુતદેવતામાં કાંઈ અંતર નથી, તેથી જે ભક્તિથી શ્રુતને ઉપાસે છે તે જિનદેવને જ ઉપાસે છે. આપણે હંમેશાં દેવ–ગુરુ સાથે શાસ્ત્રની પણ પૂજા કરીએ છીએ ને ત્રણ રત્નોમાં (દેવ–શાસ્ત્ર–ગુરુ તીન) તેને પણ ગણીએ છીએ. પરંતુ, શાસ્ત્રને માત્ર ઉત્તમ કપડાવડે બાંધવાથી કે પૂંઠા ચડાવવાથી જ શ્રુતપૂજા સમાપ્ત થઈ જતી નથી; વાસ્તવિક શ્રુતપૂજા તો એકાગ્રચિત્તથી તેનું અધ્યયન કરવું ને તેના ભાવ સમજવા તે જ છે. આવી ભાવપૂજામાં દેવ અને શાસ્ત્રની એકતા થઈ જાય છે. અત્યારે આપણને આ ક્ષેત્રે જિનદેવના સાક્ષાત્કારનું સૌભાગ્ય તો નથી, પરંતુ જિનવાણીનો તો સાક્ષાત્કાર થાય છે ને તેના અભ્યાસવડે આત્માનો પણ સાક્ષાત્કાર થઈ શકે છે.

સોના કે હીરા–માણેક વડે જેની કિંમત આંકી ન શકાય–એવા ગંભીર આત્મભાવો (કે જે વીતરાગી સંતોના અનુભવમાંથી નીકળેલા રત્નો છે–) તે સમયસારાદિ પરમાગમોમાં ભર્યા છે. અને તેથી જ આપણા જૈન પરમાગમોની મહાનતા તથા પૂજ્યતા છે. જિનાગમોમાં જે ગંભીર ચૈતન્યભાવો ભર્યા છે તે બીજા કોઈ શાસ્ત્રોમાં નથી.–આમ પરમ બહુમાનપૂર્વક જિનાગમનું સેવન કરો...તમને આત્માના અમૂલ્ય નિધાન મળશે. મુમુક્ષુની નિરંતર ભાવના હોય છે કે–

આગમકે અભ્યાસમાંહી પુનિ ચિત્ત એકાગ્ર સદીવ લગાવું;
દોષવાદમેં મૌન રહું ફિર પુન્યપુરુષ–ગુણ નિશદિન ગાવું.

હે જીવ! ગુણીજનોના ગુણની પ્રશંસા કરતાં કદાચ તને ન આવડે, પણ ધર્માત્મા–સાધર્મીની નિંદા તો તું કદી ન કરીશ. गुणीषु प्रमोदं- ગુણીજનોના ગુણો પ્રત્યે જેને પ્રમોદભાવ છે તે જીવ ગુણપ્રાપ્તિ તરફ આગળ વધે છે. પણ ગુણની ઈર્ષા કરનાર તો કદી ગુણને પામતો નથી.

## વિદ્વાનોનું મુખ્ય કાર્ય એ છે કે-

આગમના રહસ્યનું ઉદ્‌ઘાટન કરીને સમાજની સામે રાખવું

“विद्वान केवल समाजके मुख नहीं है। वे आगमके रहस्योद्‌घाटनके जिम्मेदार है। अत: उन्हें, हमारे अमुक वक्तव्यसे समाजमें कैसी प्रतिक्रिया होती है, वह अनुकूल होती है या प्रतिकूल, यह लक्ष्यमें रखना जरुरी नहीं है। यदि उन्हें किसी प्रकारका भय हो भी तो सबसे बडा भय आगमका होना चाहिए। विद्वानोंका प्रमुख कार्य जिनागमकी सेवा है और वह तभी संभव है जब वे समाजके भयसे मुक्त होकर सिद्धांतके रहस्यको उसके सामने रख सकें। कार्य बडा है। इस कालमें इसका उनके ऊपर उत्तरदायित्व है, इसलिय उन्हें यह कार्य सब प्रकारकी मोहममताको छोडकर करना ही चाहिए। समाजका संघारण करना उनका मुख्य कार्य नहीं है। यदि वे दोनों प्रकारके कार्योंका यथास्थान निर्वाह कर सकें तो उत्तम है। पर समाजके संघारणके लिये आगमको गौण करना उत्तम नहीं है। हमें भरोसा हे कि विद्वान इस निवेदनको अपने हृदयमें स्थान देंगे और ऐसा मार्ग स्वीकार करेंगे जिससे उनके सद्‌प्रयत्नस्वरूप आगमका रहस्य विशदताके साथ प्रकाशमें आवे।।”

[ -पंडित जगन्मोहनलालजी शास्त्री, कटनी ]

વિદ્વાનોનું મુખ્ય કાર્ય બતાવતું પંડિતજીનું આ કથન ગુરુદેવ ઘણીવાર પ્રવચનમાં યાદ કરે છેઃ “વિદ્વાનો એ માત્ર સમાજની વાત કરવાનું મોઢું જ નથી; તેઓ તો આગમના રહસ્યનું ઉદ્‌ઘાટન કરવાના અધિકારી છે. એટલે, તેમણે એવું લક્ષ રાખવું જરૂરી નથી કે અમારા અમુક કથનથી સમાજમાં કેવી અસર થશે!–અનુકૂળ થશે કે પ્રતિકૂળ?–હા, જો તેઓએ કંઈપણ બીક રાખવા જેવું હોય તો સૌથી મોટો ભય આગમનો હોવો જોઈએ–કે આગમવિરુદ્ધ કંઈ કથન ન થઈ જાય. વિદ્વાનોનું મુખ્યકાર્ય જિનાગમની સેવા છે, અને તે ત્યારે જ બની શકે કે જ્યારે તેઓ સમાજના ભયથી મુક્ત થઈને સિદ્ધાંતનું રહસ્ય તેની સામે રાખી શકે. કામ તો મોટું છે; અને આ કાળમાં તેની જવાબદારી વિદ્વાનો ઉપર છે, માટે તેઓએ બધા પ્રકારની મોહમમતા છોડીને આ કામ કરવું જ જોઈએ. સમાજની દેખભાળ કરવી એ કાંઈ વિદ્વાનોનું મુખ્ય કામ નથી! જો તેઓ બંને પ્રકારના કાર્યોનો યથાસ્થાન નિર્વાહ કરી શકે તો તે ઉત્તમ છે. પણ સમાજની દેખભાળ માટે, કે સમાજના રંજન માટે, આગમને ગૌણ કરવા તે વ્યાજબી નથી. અમને વિશ્વાસ છે કે વિદ્વાનો આ નિવેદનને પોતાના હૃદયમાં સ્થાન દેશે, અને એવો માર્ગ અંગીકાર કરશે કે જેથી તેમના સદ્‌પ્રયત્નના ફળરૂપે આગમનું રહસ્ય વધારે સ્પષ્ટતાથી પ્રસિદ્ધિમાં આવે.”

* * * * *

## * સૌએ લક્ષમાં લેવા જેવું– *

ભાઈશ્રી બાબુભાઈ (ફત્તેપુર) લખે છે કે– “આત્મધર્મમાં અપાતી પૂ. ગુરુદેવની પ્રવચન પ્રસાદી અપૂર્વ છે; નાના–મોટા સર્વેને માટે વિશેષ આકર્ષણનું કારણ છે. ગયો અંક વાંચ્યો તેથી મને આનંદ થયો. જિનમંદિરમાં રાત્રે કે વહેલી સવારે–પરોઢિયે અષ્ટદ્રવ્યથી પૂજન થાય નહિ, તેમજ સામગ્રી ધોવી કે અભિષેક કરવો તે પણ યોગ્ય નથી. તેમજ પૂજનસામગ્રીમાં સચિત્ત વસ્તુઓ વપરાય નહીં. સૌ મુમુક્ષુમંડળોએ આ પ્રમાણે જિનમંદિરોમાં પૂજનપદ્ધતિ કરવી જોઈએ.” (પૂ. ગુરુદેવે પણ હમણાં પ્રવચનમાં કહેલ કે રાત્રે આવી ક્રિયાઓ કરવી તે માર્ગ નથી.) રાત્રિભોજનાદિ પણ જૈનગૃહસ્થને શોભે નહિ; તેમાં ત્રસહિંસા સંબંધી તીવ્ર કષાય હોવાથી, જૈનમાર્ગમાં ખૂબ ભારપૂર્વક તેનો નિષેધ છે. વીરનાથના મોક્ષગમનનું અઢી હજારમું વર્ષ ચાલે છે ત્યારે જૈનસમાજ જાગૃત બને, ને જ્ઞાનશુદ્ધિ સાથે ક્રિયાશુદ્ધિ વડે પણ જૈનધર્મની પ્રભાવના વધારે એ સૌનું કર્તવ્ય છે.

## * જંબુસ્વામી...વૈરાગ્ય *

અંતિમ કેવળી શ્રી જંબુસ્વામીની વાત છે. એ ધીર–વીર દ્રઢબ્રહ્મચારી શ્રી જંબુકુમાર જ્યારે દીક્ષા લેવા તૈયાર થયા છે ત્યારે પોતાની શોકમગ્ન માતાને સંબોધન કરતાં વૈરાગ્યથી કહે છે કે હે માતા! તું શોકને જલ્દી છોડ. આ સંસારમાં ભમતાં કેટલીયે વાર હું મોટી વિભૂતિવાળો રાજા થયો ને કેટલીયે વાર નાનકડો કીડો થયો. તરંગ જેવા અસ્થિર આ સંસારમાં કોઈ જીવને ઇંદ્રિયસુખ કે દુઃખ કાયમ એકસરખા રહેતાં નથી. માટે દુઃખમાં શોક શો? ને સુખમાં હર્ષ શો? હે માતા! આવા સંસારથી હવે બસ થાઓ! તું પણ કાયરતા છોડીને મને રજા આપ...હવે હું મારા અવિનાશી ચૈતન્યપદને સાધીશ.–

कति न कति न वारान् भूपतिभूरिभूतिः।
कति न कति न वारान् अत्र जातोस्मि कीटः।।
नियतमिति न कस्याप्यस्ति सौख्यं न दुःखं।
जगति तरलरूपे किं मुदा किं शुचा वा।।

એ પ્રમાણે વૈરાગ્યમય અમૃતવચનો વડે માતાને સંબોધીને જંબુકુમાર વન તરફ ચાલ્યા ને સુધર્મસ્વામી પાસે દીક્ષા લઈને થોડા જ વખતમાં કેવળજ્ઞાનને સાધ્યું. ધન્ય એમનો વૈરાગ્ય! ધન્ય એમનું જીવન!

## આપના ઘરમાં નિધાન

આપના ઘરમાં ઉત્તમ ધર્મસાહિત્ય અને ‘આત્મધર્મ’ વસાવો તે સાહિત્ય આપના વંશ–પરિવારને માટે એકવાર ઉત્તમ નિધાન થઈ પડશે. સોના–ઝવેરાત કરતાંય ઉત્તમ–વીતરાગી સાહિત્યવડે આપનું ઘર વધુ શોભી ઊઠશે.

## જૈનધર્મનો પ્રસાદ–

હું દુઃખી તો ઘણા ભવોમાં થયો. બસ, હવે આ ભવ દુઃખી થવા માટે નથી; આ ભવ તો સુખી થવા માટે છે. દુઃખનો અંત કરીને હવે તો સાદિ અનંત સુખી જ રહેવાનું છે. –આ મારા જૈનધર્મનો ને શ્રીગુરુનો પ્રસાદ છે.

## कातंत्र–વ્યાકરણનું પહેલું સૂત્ર

હિંદીભાષી વયોવૃદ્ધ સજ્જનો કહે છે કે સરકારી નિશાળોમાં અમને સૌથી પહેલાં ‘ओनामासीधं’ એમ શીખવાતું હતું; પણ તેનો અર્થ શું હતો–તે અમે જરાય સમજતા ન હતા.

( તમે તેનો અર્થ કાંઈ સમજ્યા ? ન સમજ્યા હો તો અહીં વાંચો. )


‘ओनामासीधं’ એ અશુદ્ધ ઉચ્ચાર વડે સંસ્કૃતનું બગડેલું રૂપ છે; તેની મૂળ શુદ્ધ ભાષા આ પ્રમાણે છે– ‘ओ नम: सिद्धं। અને તે કાતંત્ર–વ્યાકરણનું સૌથી પહેલું સૂત્ર છે. પૂર્વે તે વ્યાકરણ શીખવતા, તેથી સ્વાભાવિકપણે જ સૌથી પહેલાં ‘ૐ નમઃ સિદ્ધં’ એમ ગોખાવતા. ( સન્મતિસંદેશના આધારે )

આપણા ગુજરાતમાં પણ ૮૦ વર્ષ પહેલાંના સ્મરણો યાદ કરતાં ગુરુદેવ ઘણી વાર કહે છે કે ધૂળી–નિશાળમાં અમને સૌથી પહેલાં ‘સિદ્ધો વર્ણ સમામ્નાયઃ’ એમ ગોખાવતા; પણ તે વખતે તેનો કોઈ અર્થ સમજાતો ન હતો. પાછળથી મોક્ષમાર્ગ પ્રકાશક વાંચતાં તેમાં એ શબ્દ આવ્યા, ત્યારે તેનો અર્થ સમજાયો કે ‘સિદ્ધો વર્ણ સમામ્નાય’ એટલે વર્ણ–અક્ષરોની આમ્નાય અનાદિથી સિદ્ધ છે.–આ બંને દ્રષ્ટાંતથી ખ્યાલ આવશે કે આપણા દેશની પ્રાચીન શિક્ષણપદ્ધતિ કેટલી સરસ સંસ્કારી હતી ! બંધુઓ, આપણા બાળકોને એવા જ ઉત્તમ સંસ્કારો આપવાનો જમાનો ફરીને અત્યારે આવી ગયો છે. વીરનાથના મોક્ષગમનના આ ૨૫૦૦ મા વર્ષમાં સૌ જાગીએ ને બાળકોને પહેલેથી વીરશાસનના ઉત્તમ સંસ્કાર આપીએ.


- નિયમસાર ( ગુજરાતી ) મૂળશાસ્ત્ર છપાઈને તૈયાર થવા આવ્યું છે.
- સમ્યક્ત્વ–કથા ( આઠ અંગનું સ્વરૂપ, આઠ અંગની કથા તથા આઠ અંગના આઠ ચિત્રો સહિત પ્રગટ થયેલ છે. કિંમત રૂા. ૧–૦૦ )
- બે સખી ( અંજનાચરિત્ર ) પુનઃ પ્રગટ થયેલ છે. ( કિંમત ૦–૫૦ )
- આત્મધર્મ દિવસે–દિવસે વિકસી રહ્યું છે. કાગળ વગેરેની સખ્ત મુશ્કેલી વચ્ચે પણ માત્ર ચાર રૂપિયા લવાજમમાં અપાય છે. આપના ઘરમાં ધર્મના ઉત્તમ સંસ્કારની રેલમછેલ કરવા આત્મધર્મ મંગાવો; સ્નેહી–મિત્રોને પણ મોકલો.

લખો–આત્મધર્મ કાર્યાલય, સોનગઢ ( ૩૬૪૨૫૦ )

# સિંહ કરતાંય શૂરવીર મુમુક્ષુ -



| વીર સર્વદમન | | શૂરવીર મુમુક્ષુ |
|---|---|---|
| સિંહણનું મોઢું ફાડીને | તેમ | કર્મરૂપી સિંહનું મોઢું ફાડીને |
| તેના દાંત ગણે છે... | | નિજ આત્માને દેખે છે. |

'સર્વદમન' ની વીરતાની એક વાત પ્રસિદ્ધ છે કે, તે નાનો હતો ત્યારે એકવાર સિંહના બચ્ચાંને રમતાં–રમતાં હાથમાં તેડયું; સિંહણ પણ સામે જ ઊભી હતી, ને આંખ ફાડીને જોઈ રહી હતી. પણ આ સર્વદમનને કોની બીક? એણે તો નિર્ભયપણે સિંહણનું મોઢું ઝાલીને કહ્યું કે– 'ઉઘાડ તારું મોઢું; મારે તારા દાંત ગણવા છે!' જુઓ, કેટલી હિંમત!

તેમ અહીં 'સર્વદમન' એવો મુમુક્ષુ આત્મા શૂરવીર થઈને મોક્ષને સાધવા જાગ્યો, તે સર્વે કર્મરૂપી સિંહનું દમન કરતાં ચૈતન્યની વીરતાથી કહે છે કે–ખૂલી જા કર્મ; મારે મારો પરમાત્મા દેખવો છે! મારા પરમાત્મામાં તારો અભાવ છે. ચૈતન્યમાં વળી કર્મ કેવા? આમ, કર્મરૂપી સિંહનું મોઢું ફાડીને પોતે પોતાના પરમાત્માને દેખી લ્યે છે. –આત્માને સાધવા નીકળ્યા એ તે કાંઈ કર્મથી ડરતા હશે? એ તો પોતાની પ્રભુત્વશક્તિવડે કર્મને તોડીને પરમાત્મા થાય છે.

(પ્રભુત્વશક્તિના પ્રવચનમાંથી)

## ગતાંકમાં વિચારવાના ચાર પ્રશ્નો લખેલ, તેનો જવાબ -

(૧) આપણા ગુજરાત–સૌરાષ્ટ્રમાં ચાર સિદ્ધક્ષેત્રો આવેલા છે– ગીરનાર, શત્રુંજય, પાવાગઢ અને તારંગા. ગીરનાર–તીર્થમાં ભગવાન નેમિનાથના દીક્ષા કલ્યાણક, જ્ઞાનકલ્યાણક અને મોક્ષકલ્યાણક થયા છે તથા શ્રીકૃષ્ણના પુત્રો વગેરે ૭૨ કરોડને સાતસો મુનિઓ સિદ્ધપદ પામ્યા છે. શત્રુંજયતીર્થમાં ત્રણ પાંડવો વગેરે આઠ કરોડ મુનિવરો સિદ્ધપદ પામ્યા છે. પાવાગઢતીર્થમાં રામકુમારો લવ–કુશ, લાટદેશના રાજા અને પાંચ કરોડ મુનિવરો સિદ્ધપદ પામ્યા છે; તથા તારંગાતીર્થમાં વરદત્ત–સાગરદત્ત વગેરે સાડાત્રણ કરોડ મુનિવરો સિદ્ધપદ પામ્યા છે. તે સર્વે સિદ્ધભગવંતોને અને સિદ્ધિધામને નમસ્કાર હો.

(૨) સિદ્ધભગવાન સંપૂર્ણ સુખી છે, તેમને જરાય દુઃખ નથી. તેઓ દેવગતિમાં, મનુષ્યગતિમાં કે સંસારની કોઈ ગતિમાં નથી, મોક્ષગતિમાં છે. અરિહંત ભગવંતોય જોકે સંપૂર્ણ સુખી છે, પરંતુ તેઓ હજી મનુષ્યગતિમાં છે. સિદ્ધભગવંતો ચારે ગતિથી પાર છે.

(૩) પંચપરમેષ્ઠી ભગવંતોમાં અરિહંત અને સિદ્ધ ભગવંતો સર્વજ્ઞ છે; આચાર્ય–ઉપાધ્યાય–સાધુ હજી સર્વજ્ઞ નથી પણ રત્નત્રય વડે સર્વજ્ઞપદને સાધી રહ્યા છે.

(૪) પાંચપરમેષ્ઠી ભગવંતોમાંથી સિદ્ધભગવંતો પંચમગતિમાં એટલે કે મોક્ષગતિમાં બિરાજે છે. બાકીનાં ચારે પરમેષ્ઠી મનુષ્યગતિમાં હોય છે. એ સિવાયની ત્રણગતિમાં પંચપરમેષ્ઠીપદ હોતું નથી; સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન હોઈ શકે છે.

**“મહાવીર ભગવાન” સંબંધમાં જે ભાઈ–બહેનોએ લેખ લખી મોકલ્યા છે તે સૌને ધન્યવાદ! હજી પણ જેમને લેખ લખવા ઈચ્છા હોય તેમને જાન્યુઆરી માસની આખર તારીખ સુધી તક આપવામાં આવે છે. લેખ મોકલનારનાં નામો અને બીજી માહિતી આગામી અંકમાં આપીશું. લેખ મોકલનાર સૌને આ અઠવાડિયામાં પુસ્તક મળશે.**

## આ અંકમાંથી શોધી કાઢવાના દશ વાક્યોઃ–

( સ્વાધ્યાય–પ્રચારની આ યોજનામાં ત્રણસો–ચારસો ભાઈ–બહેનો હોંશથી ભાગ લઈ રહ્યા છે, તે સૌને ધન્યવાદ. )

૧. વાહ જિનવાણીની અદ્‌ભુત શોભા ! તે જિનવાણી...

૨. પરમાગમ–મંદિરમાં પણ આ શક્તિના વર્ણનનો ભાગ ‘સોનેરી’ ...

૩. પરથી જીવે એવો પરાધીન આત્મા નથી; આત્મા તો...

૪. સ્વસંવેદનવડે આત્મપ્રભુ...

૫. વીરનાથના મોક્ષગમનના આ ૨૫૦૦મા વર્ષમાં સૌ જાગીએ, ને બાળકોને...

૬. શબ્દોથી લખવામાં અનંત શક્તિઓ ન આવી શકે, અંતરના વેદનમાં...

૭. આવું જૈનશાસન સમજીને મહાવીરપ્રભુના...

૮. સ્વરૂપ–જીવન ભગવાનના અનેકાન્તમાર્ગથી પ્રાપ્ત થયું છે. –એ જ...

૯. મહાવીરને ઓળખવાથી આત્મા ચૈતન્યસ્વરૂપે ઓળખાય છે; એટલે.....

૧૦. દશમા બોલ તરીકે તમારે આ અંકમાં જે જે તીર્થંકર ભગવંતોના નામ આવ્યા હોય તે શોધવાના છે.

–સંપાદક આત્મધર્મ, સોનગઢ ( ૩૬૪૨૫૦ )

* * * * *

### મહાવીર ભગવાન

અઢી હજાર વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રમાં સાક્ષાત્‌ તીર્થંકરપણે ભગવાન મહાવીરે જે આત્મહિતકારી ઇષ્ટ–મિષ્ટ ઉપદેશ આપ્યો તે આજેય આપણા ઉપર ઉપકાર કરી રહ્યો છે. આવા મહાવીર ભગવાનના ઉપકારની અંજલિરૂપે યોજાયેલ નિબંધ યોજનામાં અનેક ભાઈ–બેનોએ ઉત્સાહથી ભાગ લીધો છે; તે સૌને ધન્યવાદ !

## સ...મા...ચા...ર-

( અનુસંધાન ટાઈટલ પાનું ૨ )

- ઉત્સવ વખતે જ્યારે આપ સોનગઢ પધારો ત્યારે, ટોર્ચ–બેટરી, લોટો–ગ્લાસ, પાણીની ડોલ અને પાગરણ સાથે લાવશો–જેથી આપને સુવિધા રહેશે. જોખમી દાગીના જેમ બને તેમ ન લાવશો, કેમકે તે વખતે સોનગઢના ઉત્સવમાં પંચકલ્યાણકની શોભા જ એવી અદ્‌ભુત હશે કે બીજી શોભાની કોઈ જરૂર જ નહિ રહે.
- કંકોતરી મોકલવા માટે આપના ગામના મુમુક્ષુમંડળનું જિનમંદિરનું તેમજ પ્રમુખશ્રીનું સરનામું લખી મોકલશો. –જેથી કોઈ બાકી ન રહી જાય.
- આ મહાન ઉત્સવ દરમિયાન જૈનધર્મના પ્રચાર અને પ્રભાવના સંબંધી આપના સુઝાવ વિચાર અને યોજનાઓ નીચેના સરનામે તુરતમાં લખી મોકલવા નિમંત્રણ છેઃ બ્ર. હરિલાલ જૈન, પ્રચારવિભાગ, સોનગઢ : ( ૩૬૪૨૫૦ )
- પરમાગમ–મંદિરની દિવાલોમાં, આરસમાં કોતરેલા પચાસ જેટલા વૈરાગ્યપ્રેરક ચિત્રો લગાડવાના છે;– જાણે કે તીર્થંકરોના જીવનને જ નજરે નીહાળતા હોઈએ–એવું વાતાવરણ એ ચિત્રો દ્વારા ખડું થશે. તે ચિત્રોનું આલેખન કાર્ય પૂરું થયું છે, ને આરસમાં કોતરવાનું કામ ચાલી રહ્યું છે.
- ઉત્સવ વખતે હજારો હિંદીભાષી સાધર્મીઓ આવશે, એટલે તેમની સુવિધા માટે ગુરુદેવના પ્રવચનો હિંદીભાષામાં થશે. ઉત્સવ બાદ કેટલાક દિવસો ગુરુદેવ સોનગઢમાં જ બિરાજશે. ગઢડા શહેરમાં વેદી–પ્રતિષ્ઠાનું મૂરત ફાગણમાસમાં રાખેલ નથી; એટલે ગુરુદેવના વિહારનો કાર્યક્રમ હજી નિશ્ચિત થયો નથી. નક્કી થયે જણાવવામાં આવશે.

## એક ખાસ સૂચના-

પ્રતિષ્ઠા મહોત્સવ અંગે માલસામાનની ખરીદી શરૂ થઈ ગઈ છે. તો આ અંગે જે મુમુક્ષુ ભાઈ–બહેનોએ લોન લખાવી હોય તે રકમનો “શ્રી પરમાગમ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ” એ નામનો બેન્ક ઓફ ઈન્ડીયા–સોનગઢનો, અગર ભાવનગરની ગમે તે બેન્ક ઉપરનો, ડ્રાફ્ટ કે રોકડા તુરત જ મોકલવા વિનંતી છે.

સોનગઢ–ઓફિસ<br>
T. F. No. 34<br>
તારનું સરનામું<br>
PARMAGAM. SONGAD

લિ. નવનીતલાલ સી. જવેરી<br>
પ્રમુખશ્રી–શ્રી પ્રતિષ્ઠા–મહોત્સવ સમિતિ<br>
C/o. શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ<br>
સોનગઢ સૌરાષ્ટ્ર ( ૩૬૪૨૫૦ )

# જૈન કેવો હોય ?

જૈનના સાચા પંડિત માત્ર શાસ્ત્રભણતર વડે થઈ શકાતું નથી, પણ ભાવશ્રુતથી સ્વ-પરની ભિન્નતાનો વિવેક કરીને આત્માને જે જાણે તે સાચો જૈન-પંડિત છે. એટલે જૈનધર્મના સાચા પંડિત કે શ્રાવક થવા માટે આ જ પહેલું કર્તવ્ય છે કે દેહાદિથી ભિન્ન પોતાના આત્માને જાણીને અનુભવવો.

( અષ્ટપ્રવચનમાંથી. )

## * અનંતગુણગંભીર સમ્યક્ત્વની અદ્ભુતદશા ! *

સમ્યગ્દ્રષ્ટિ જીવ આત્માના શુદ્ધસ્વરૂપનો પ્રકાશક છે, જીવાદિ નવે તત્ત્વોનું સ્વરૂપ જેમ છે તેમ તે જાણે છે. જીવાદિ તત્ત્વોના સાચા સ્વરૂપને જે ન જાણે તે શુદ્ધતાને ક્યાંથી સાધી શકશે ? ધર્મીજીવ જીવાદિતત્ત્વના સ્વરૂપને બરાબર જાણીને તેમાંથી પોતાના શુદ્ધ ચૈતન્યતત્ત્વને બીજાથી ભિન્ન અનુભવે છે; એ રીતે સમ્યગ્દ્રષ્ટિ જીવ શુદ્ધતત્ત્વનો પ્રકાશક છે, તે જ ખરો પંડિત છે; તેને આત્મવિદ્યા આવડે છે તેથી તે જ ખરો વિદ્વાન છે. તેના સમ્યક્ત્વ-પરિણામ શુદ્ધ છે; વ્યવહારના શુભરાગપરિણામ તે કાંઈ શુદ્ધ નથી, તે તો અશુદ્ધ છે. સમ્યક્ત્વપરિણામ તો રાગ વગરના શુદ્ધ છે, અને મિથ્યાત્વનો તેમાં અભાવ છે.

વળી તે સમ્યગ્દ્રષ્ટિજીવ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો ભક્ત છે, તેમની પૂજા-ભક્તિ-બહુમાનમાં તત્પર છે; અને તેમણે કહેલા સમ્યક્ધર્મને તે આચરે છે. મિથ્યાભાવથી મુક્ત થઈને તે સમ્યક્ત્વને અનુભવે છે, સમ્યક્ત્વાદિરૂપે પરિણમેલા શુદ્ધ આત્માને તે વેદે છે.

જુઓ, સંતોએ સમ્યગ્દ્રષ્ટિજીવની અંતરંગદશાનું કેવું સરસ વર્ણન કર્યું છે! ચિદાનંદસ્વભાવની સન્મુખ થયેલા સમ્યગ્દ્રષ્ટિને રાગાદિ દુઃખભાવો પ્રત્યે સહેજે ઉદાસીનભાવ હોય છે, એટલે તેના પરિણામ સંસારથી વિમુખ વર્તે છે. ભલે ગૃહવાસમાં હોય તોપણ ખરેખર તે સંસારથી વિમુખ છે. અનંતગુણગર્ભિત શ્રદ્ધાનું બળ જ કોઈ એવું છે કે આત્માને પરભાવોથી પૃથક્ જ દેખે છે.

સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિના પરિણામમાં મોટું અંતર છે. સમ્યગ્દ્રષ્ટિના પરિણામ શુદ્ધ છે, તે સંસારથી વિમુખ છે અને સ્વભાવની સન્મુખ છે; ત્યારે મિથ્યાદ્રષ્ટિના પરિણામ અશુદ્ધ છે, તે સ્વભાવથી વિમુખ છે ને સંસારની સન્મુખ છે. જેને શુભરાગની પણ રુચિ છે તેના પરિણામ સંસારની સન્મુખ છે, મોક્ષસન્મુખ તેના પરિણામ નથી.

## * જૈનધર્મનું મૂળ: દ્રવ્ય–ગુણ–પર્યાયનું જ્ઞાન *

ધર્મીને સાતપ્રકૃતિના ક્ષયાદિથી જે શુદ્ધ સમ્યક્ત્વ પ્રગટયું તે કાંઈ ત્રિકાળીગુણ નથી પણ ગુણનું શુદ્ધ પરિણમન છે એટલે કે શુદ્ધ પરિણામ છે–પર્યાય છે. સિદ્ધપ્રભુના આઠ પ્રધાન ગુણોમાં 'સમ્યક્ત્વ–ગુણ' કહેલ છે ત્યાં 'ગુણ' એટલે ગુણની શુદ્ધપર્યાય, દોષ વગરની પર્યાય' એવો તેનો અર્થ છે. સામાન્યગુણ નવો ન પ્રગટે, પણ તેની શુદ્ધપર્યાય નવી પ્રગટે. શ્રદ્ધાગુણ તો બધા જીવોમાં ત્રિકાળ છે, તેનું શુદ્ધ પરિણમન થતાં સમ્યગ્દર્શનાદિ શુદ્ધપર્યાય પ્રગટે છે, તે કોઈ વિરલ જીવોને જ થાય છે. આ રીતે દ્રવ્ય–ગુણ–પર્યાયને જેમ છે તેમ બરાબર જાણવા જોઈએ. વસ્તુના દ્રવ્ય–ગુણ–પર્યાયનું જ્ઞાન તે તો જૈનધર્મનું મૂળ છે; ને તે સમ્યક્ત્વાદિનું કારણ છે.

જગતમાં અનંતાનંત (અક્ષય–અનંત) જીવો છે. દરેક જીવ સ્વતંત્ર, કોઈના બનાવ્યા વગરનો સ્વતઃસિદ્ધ છે; એકેક જીવમાં પોતાના અનંત ગુણો; ને ત્રણેકાળે ગુણનું સ્વતંત્ર પર્યાયરૂપ પરિણમન.–આવા દ્રવ્ય–ગુણ–પર્યાયનું યથાર્થ સ્વરૂપ ધર્મી જીવ બરાબર જાણે છે. ભગવાન જિનેશ્વરના મતમાં જ તેનું યથાર્થ પ્રતિપાદન છે, અને જિનેશ્વરના નંદન એવા સમ્યગ્દ્રષ્ટિ જ તેને બરાબર જાણે છે. માટે કહ્યું કે સમ્યગ્દ્રષ્ટિ જીવ દેવ–ગુરુ–શાસ્ત્રનો સાચો ભક્ત છે અને તેમના કહેલા ધર્મને તે સમ્યક્પણે આચરે છે.

## * વાહ રે વાહ, મુનિદશા! સમ્યગ્દ્રષ્ટિ તેનો ભક્ત છે. *

સમ્યગ્દર્શન ઉપરાંત જ્યારે અંતરમાં આત્મસ્વરૂપમાં ઘણી લીનતા થાય ત્યારે મુનિદશા હોય છે. સમ્યગ્દ્રષ્ટિને આવી મુનિદશાની નિરંતર ભાવના હોય છે. અહો, મુનિદશાની શી વાત! એમની શુદ્ધતા ને એમનું સુખ તો સર્વાર્થસિદ્ધિના દેવ કરતાંય વિશેષ છે. એ તો પરમેષ્ઠી પદ છે, અરિહંતો અને સિદ્ધોની સાથે નમસ્કારમંત્રમાં એમનું નામ આવે છે; સમ્યગ્દ્રષ્ટિ જીવો પણ દાસાનુદાસપણે પરમ ભક્તિથી એમના ચરણોમાં મસ્તક ઝુકાવે છે. વાહ, એ મુનિદશા! અરે, સમ્યગ્દર્શન પણ અપૂર્વ દશા

છે ત્યાં મુનિદશાની તો શી વાત! મુનિવરો તો આત્માના મહા આનંદના ઝુલે ઝૂલી રહ્યા છે. અહો! એ તો સંત-પરમેશ્વર છે, પરમ ગુરુ છે, મોક્ષના ઉગ્રપણે સાધક છે, સિદ્ધપદના પાડોશી છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ આવા મુનિનો ભક્ત હોય છે; ને તે સમ્યગ્દ્રષ્ટિની દશા પણ અલૌકિક હોય છે.

ધર્મીને અશુભ-ભોગ વખતે કાંઈ તે ભોગથી નિર્જરા નથી,

સમ્યક્ત્વથી નિર્જરા છે; ભોગો તો બંધનાં જ કારણ છે.

સમ્યગ્દર્શન તે આત્માના શુદ્ધપરિણામ છે, તેના વડે તે શુદ્ધતત્ત્વને પ્રકાશે છે, શુદ્ધાત્માનું સ્વસંવેદન કરે છે. પર્યાયમાં હજી અમુક અશુદ્ધતા વર્તતી હોવા છતાં ભેદજ્ઞાનશક્તિના બળે તે પોતાના આત્માને શુદ્ધપણે પ્રકાશે છે, એટલે ભોગાદિમાં તો તેને સ્વપ્નેય સુખ ભાસતું નથી.

ભોગના અશુભપરિણામ વખતેય સમ્યગ્દ્રષ્ટિને નિર્જરા ચાલુ છે, કેમકે તે વખતેય તેના અંતરમાં શુદ્ધતત્ત્વના શ્રદ્ધા-જ્ઞાનરૂપ શુદ્ધપરિણામની ધારા વર્તી રહી છે, અને તે તો નિર્જરાનું જ કારણ છે, તેથી તેને નિર્જરા ચાલુ છે-એમ સમજવું. પણ વિષયોનો અશુભરાગ પોતે કાંઈ નિર્જરાનું કારણ નથી, તે તો બંધનું જ કારણ છે; સમ્યગ્દ્રષ્ટિને પણ જેટલો રાગ છે તે તો બંધનું કારણ છે. આ રીતે સમ્યગ્દ્રષ્ટિને ભૂમિકામુજબ શુદ્ધ તેમજ અશુદ્ધ ભાવો એકસાથે વર્તે છે, પણ બંનેનું કાર્ય જુદું છે. તેમાં શુદ્ધભાવ તો નિર્જરાનું કારણ છે એટલે તેની પ્રધાનતા ગણીને ધર્મીને નિર્જરા કહેવામાં આવી છે, તે યથાર્થ છે.

*** હે જીવ! કુમાર્ગસેવનથી તેં ઘણાં દુઃખ સહન કર્યાં, હવે તેને છોડ; ***

**ને ભક્તિથી જૈનમાર્ગને ઓળખીને તેનું સેવન કર.**

અરે જીવ! જિનમાર્ગથી વિરુદ્ધ કુદેવાદિને માનીને મિથ્યાત્વના સેવનથી સંસારમાં નરકાદિના ઘોર દુઃખો તેં ભોગવ્યા. માટે હે ભાઈ! હવે કુમાર્ગનું સેવન તું છોડ, ને શુદ્ધ સમ્યક્ત્વાદિમાં રત થા. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રના સેવનથી તો તું નરકાદિના ઘોરદુઃખને પામીશ. રાગના વધારનારા એવા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને સેવનાર જીવ મોક્ષને માટે અપાત્ર છે, ને તે નરકાદિમાં પડે છે; કદાચ શુભરાગથી સ્વર્ગમાં જાય તો ત્યાં પણ મિથ્યાત્વથી તે દુઃખી જ છે, તે મિથ્યાસેવનથી તે સ્વર્ગમાંથી નીકળીને નિગોદ વગેરેમાં જશે;-એનાં દુઃખની શી વાત? દયા કરીને સંતો કહે છે કે હે ભવ્ય! આવા દુઃખોથી છૂટવા માટે તું શુદ્ધ દ્રષ્ટિ વડે મિથ્યાત્વને છોડ, કુદેવાદિના

સેવનને છોડ; અને ભક્તિથી જૈનમાર્ગને ઓળખીને તેનું સેવન કર.–તારું મહાન કલ્યાણ થશે.

## * જૈન–સાધુ કેવા હોય ? *

રત્નત્રયસંયુક્ત જે સાધુ શુદ્ધભાવવડે આત્માને ધ્યાવે છે તે સાધુ અબદ્ધ છે, તેઓ કર્મથી બંધાતા નથી પણ અલ્પકાળે મુક્તિ પામે છે. તે મુનિનું ચારિત્ર આત્મારૂપ છે. શુભરાગ તે કાંઈ ખરૂં ચારિત્ર નથી, અર્થાત્ તે આત્મારૂપ નથી. આત્મામાં એકાગ્ર થઈને આત્મારૂપ થયેલું ચારિત્ર તે ખરૂં ચારિત્ર છે. એવા ચારિત્ર વડે જે મોક્ષને સાધે છે તે સાધુ છે.

તે સાધુ ભગવંતો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સહિત શુદ્ધ સંયમી છે, જિન–રૂપ ધારણ કરનારા છે, અને શુદ્ધઆત્માના અનુભવરૂપ અર્થને સાધનારા છે. તે મહાત્મા, ત્રણલોકને જાણનારા એવા શુદ્ધઆત્માને ધ્યાવે છે–એ જ તેમનું મહાવ્રત છે. ધર્મધ્યાનસંયુક્ત એવા તે સાધુ શુદ્ધધર્મને પ્રકાશે છે. સર્વજ્ઞજિનદેવે જે તત્ત્વો કહ્યાં છે તેનું જ તેઓ પ્રકાશન કરે છે.

અહો, સર્વજ્ઞદેવે આત્માનો શુદ્ધ ધર્મ પ્રકાશ્યો છે, અને મોક્ષને સાધનારા સાધુઓ પણ સર્વજ્ઞદેવના વચનઅનુસાર જ શુદ્ધઆત્માને પ્રકાશે છે. આ રીતે રાગ વગરના શુદ્ધઆત્માને પ્રકાશનારા એવા વીતરાગમાર્ગને, તથા એવા જૈનસાધુને જ ધર્મી જીવ શ્રદ્ધે છે; એનાથી વિરુદ્ધ માર્ગને તે કદી માનતો નથી. અહો, આવા વીતરાગમાર્ગી જૈનસાધુઓ શુદ્ધભાવ વડે પોતાના આત્માને તો ભવસમુદ્રથી તારે છે, તેમ જ શુદ્ધમાર્ગના ઉપદેશ વડે જગતના ભવ્ય જીવોને પણ તેઓ તારનારા છે. આ રીતે જૈનસાધુઓ જ तरण-तारण છે; તેઓ જહાજસમાન છે. જહાજ પોતે તરે છે ને તેમાં બેસનારને પણ તારે છે, તેમ જૈનસાધુઓ પોતે રત્નત્રયવડે તરે છે ને તેમના ઉપદેશેલા રત્નત્રયમાર્ગને અનુસરનારા જીવોને પણ તારે છે.

–આવા તરણ–તારણહાર સાધુ ભગવંતોને નમસ્કાર હો.

## * ખરો પંડિત કોણ છે ? *

**શાસ્ત્ર ભણે તે પંડિત, ને ન આવડે તે મૂર્ખ-એમ નથી; પણ આત્માને જાણે તે પંડિત, ને ન જાણે તે મૂર્ખ-એમ જ્ઞાની કહે છે.**

પરમ ઔદારિક શરીરમધ્યે જેઓ કેવળજ્ઞાનાદિ ગુણોસહિત બિરાજે છે એવા

અરિહંત–પરમેષ્ઠી તે દેવ છે; તેમને જે ઓળખે છે, તથા તેમના જેવો જ હું પણ આ શરીરની મધ્યે કેવળજ્ઞાનાદિ સ્વભાવસહિત છું–એમ જે જાણે છે એવા સમ્યગ્જ્ઞાની તે જ ખરા પંડિત છે.

એ જ પ્રમાણે, અષ્ટકર્મથી વિમુક્ત, મુક્તિસ્થાને (સિદ્ધાલયમાં) બિરાજમાન જેવા સિદ્ધભગવંતો છે, તેમના જેવો જ મારો આત્મા આ શરીરમધ્યે બિરાજી રહ્યો છે– એમ શુદ્ધદ્રષ્ટિથી જે અનુભવે છે તે જ ખરો પંડિત છે.

જેવા જીવો છે સિદ્ધિગત, તેવા જીવો સંસારી છે;
જેથી જન્મ–મરણાદિ હીન, ને અષ્ટગુણસંયુક્ત છે. (નિયમસાર ગા. ૪૭)

–આવા નિજ આત્માને અંતર્બુદ્ધિથી જે જાણે છે તે જ સાચો વિદ્વાન અને પંડિત છે. આત્માને જાણ્યા વગર એકલા શાસ્ત્રના શબ્દોનું ભણતર હોય એને કાંઈ સાચા પંડિત કહેતા નથી. જે ચૈતન્ય–વિદ્યામાં પ્રવીણ હોય તેને જ મોક્ષના માર્ગમાં સાચા વિદ્વાન કહેવાય છે. અરે, જે ભણતર ભવથી તરવામાં કામ ન આવે એવા ભણતરને તે પંડિતાઈ કોણ કહે? ભાઈ, તેં શાસ્ત્રો જાણ્યા ને લોકોએ તને પંડિત માન્યો, પણ જો તારા આત્માને તેં ન જાણ્યો તો તારું શું હિત થયું? તારી પંડિતાઈ તને શું કામ આવી? આત્માને જાણ્યા વગર પરમાર્થમાર્ગમાં તો તું મૂર્ખ જ રહ્યો.–યોગસારમાં કહે છે કે–

શાસ્ત્રપાઠી પણ મૂર્ખ છે, જે નિજતત્ત્વ અજાણ,
તે કારણ એ જીવ ખરે પામે નહિ નિર્વાણ. (૫૩)
પરમાત્માને જાણીને ત્યાગ કરે પરભાવ,
તે આત્મા પંડિત ખરો, પ્રગટ લહે ભવપાર. (૮)

વળી યોગસારમાં જ કહે છે કે–

જે જાણે શુદ્ધાત્મને અશુચી દેહથી ભિન્ન,
તે જ્ઞાતા સૌ શાસ્ત્રનો શાશ્વત–સુખમાં લીન. (૯૫)

અને એનાથી ઉલ્ટું–

નિજ–પરરૂપથી અજ્ઞજન જે ન તજે પરભાવ,
જાણે કદી સૌ શાસ્ત્ર પણ થાય ન શિવપુર રાવ. (૯૬)

ભલે કદાચ શાસ્ત્ર ભણતર ન ભણ્યો હોય, સંસ્કૃત વાંચતાં કે ભાષણ કરતાં

આવડતું ન હોય, પણ જેને આત્માનું સ્વરૂપ જાણીને તેનો અનુભવ કરતાં આવડયું તે પરમાર્થમાર્ગમાં પંડિત છે, બારે અંગનો સાર તેણે જાણી લીધો છે. અને જે સ્વ–પરની ભિન્નતા જાણતો નથી, પરભાવથી ભિન્ન શુદ્ધાત્માને પોતામાં અનુભવતો નથી, તે અજ્ઞાની ભલે કદાચ ઘણાં શાસ્ત્રો ભણે તોપણ તે મોક્ષસુખને જરાપણ પામતો નથી. આ રીતે જે શુદ્ધાત્માને જાણે છે તે જ ખરો શૂરવીર ને પંડિત છે. શ્રી કુંદકુંદસ્વામી પણ કહે છે કે–

તે ધન્ય છે કૃતકૃત્ય છે શૂરવીર ને પંડિત છે,
સમ્યક્ત્વ–સિદ્ધિકર અહો, સ્વપ્નેય નહિ દૂષિત છે. ( મોક્ષપ્રાભૃત ગા. ૮૯ )

એકલા શાસ્ત્રભણતરથી ધર્મમાં પંડિતપણું કહેતા નથી. શુદ્ધનયઅનુસાર સાચા તત્ત્વને જાણીને સર્વજ્ઞવચનઅનુસાર પંડિતો તેનું કથન કરે છે. પરંતુ આત્માના મૂળભૂત સત્ય સ્વરૂપને તો જેઓ જાણતા નથી ને શાસ્ત્રના જાણપણામાં જ સંતુષ્ટ થઈને બેઠા છે એવા પંડિતને માટે તો કહે છે કે–

पंडिय पंडिय पंडिय कण छंडिय वि तुस खंडिया।
पय अत्थं तुट्ठोसि परमत्थ ण जाणई मूढोसि।।

( મોક્ષમાર્ગપ્રકાશકમાં પાહુડદોહાની ગા. ૮૫ )

હે પંડિત ! હે પંડિત ! હે પંડિત ! જો તું પરમાર્થ તત્ત્વને નથી જાણતો ને શબ્દના અર્થમાં જ સંતુષ્ટ છો તો, કણને છોડીને ફોતરાં ખાંડનારની જેમ તું મૂર્ખ છો. અહો, બધી વિદ્યાઓમાં આત્માને જાણનારી વિદ્યા તે જ સૌથી શ્રેષ્ઠ વિદ્યા છે. આવી અધ્યાત્મવિદ્યા એ તો ભારતદેશની મૂળ વસ્તુ છે, તેને લોકો ભૂલી ગયા છે; અત્યારે તેનો જ પ્રચાર કરવા જેવું છે.

ધર્મી જાણે છે કે અહો, પરમાત્મપણું મારા આત્મામાં ભર્યું છે; આ શરીરાદિ હું નહીં. આ રીતે જેણે દેહ અને આત્માની ભિન્નતાનો વિવેક કર્યો અને અંતર્મુખ થઈને જ્ઞાન–આનંદસ્વરૂપ આત્માનો અનુભવ કર્યો તે ખરો પંડિત છે, તે મોક્ષનો સાધક છે, પંચપરમેષ્ઠીપદને તે પોતામાં દેખે છે. –

આત્મા તે અરિહંત છે, સિદ્ધ નિશ્ચયે એ જ;
આચારજ ઉવઝાય ને સાધુ નિશ્ચયે તે જ. (૧૦૪)

તે સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા જાણે છે કે મારા આત્મામાં પરમાત્મસ્વભાવ છે, એટલે શુદ્ધદ્રષ્ટિથી હું પરમાત્મા જ છું.–આ પ્રમાણે પોતાના સ્વભાવને પરમાત્મસ્વરૂપે

ચિંતવતાં ધ્યાનમાં અમને કોઈ અપૂર્વ આનંદ અનુભવાય છે; માટે તે ધ્યાન સત્ છે, તેનું આ ફળ છે. જો તે ધ્યાન જૂઠું હોય તો તેના ફળમાં આનંદ કેમ આવે? પર્યાયમાં હજી પૂરું પરમાત્મપણું પ્રગટયું ન હોવા છતાં, શક્તિમાં રહેલા પરમાત્મસ્વરૂપમાં પર્યાયને લીન કરીને પરમાત્મસ્વરૂપે જ પોતે પોતાને ધ્યાવતાં ધર્મીને નિર્વિકલ્પ અનુભવનો પરમ અદ્ભુત આનંદ થાય છે; માટે પરમાત્મસ્વરૂપે પોતાને ચિંતવવો તે સત્ છે.–

જે પરમાત્મા તે જ હું, જે હું તે પરમાત્મ;
એમ જાણી હે યોગીજન! કરો ન કાંઈ વિકલ્પ. (૨૨)
ધ્યાનવડે અભ્યંતરે દેખે જે અશરીર,
શરમજનક જન્મો ટળે, પીએ ન જનની ક્ષીર. (૬૦)

દેહનો સંયોગ અને પર્યાયમાં રાગાદિભાવો હોવા છતાં, તેટલો જ પોતાને ન માનતાં, દેહથી ભિન્ન ને રાગથી પાર એવો અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વભાવ પણ પોતામાં સત્ છે–તે રૂપે પોતાના આત્માને શ્રદ્ધા–જ્ઞાન–ચિંતનમાં લેવો તે અરિહંત પરમાત્માનું અભેદ–ધ્યાન છે, તેમાં સાધકને આત્માના આનંદનો અનુભવ થાય છે, ને પર્યાયમાં શુદ્ધતા થાય છે. એવો જીવ સ્વ–પરનો ખરો વિવેકી પંડિત છે. બાકી શાસ્ત્ર ભણી–ભણીને પંડિત કહેવડાવે–પણ જે એમ માને કે રાગની ક્રિયા અથવા શરીરની ક્રિયા મોક્ષનું કારણ થશે, –તો તે પંડિત માત્ર ફોતરાં–ખંડિત છે, એટલે કે તે ખરેખર પંડિત નથી પણ મૂરખ છે. હે ભાઈ! શાસ્ત્રોએ બતાવેલી મૂળવસ્તુ તો તારા અંતરમાં છે,–જે દેહથી પાર છે, રાગથી પાર છે, ઈંદ્રિયજ્ઞાનથીયે પાર છે, એવી ચૈતન્યભાવમય વસ્તુને અંતર્દૃષ્ટિથી તું જાણ–જૈનધર્મના સાચા પંડિત કે શ્રાવક થવા માટે આ જ પહેલું કર્તવ્ય છે.

–જય મહાવીર

* * * * *

## વૈરાગ્ય-સમાચાર:-

* ઈંદોરના વયોવૃદ્ધ પંડિત શ્રી બંસીધરજી ન્યાયાલંકાર (ઉ. વ. ૮૩) તા. ૭–૧૨–૭૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓનો શાસ્ત્રાભ્યાસ ઘણો વિશાળ હતો, મોટા ભાગના સંસ્કૃત શ્લોકો તેમને મોઢે હતા. તેઓ શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજીની હરોળના, પ્રાચીન પેઢીના એક પંડિત હતા, ને હાલના પંડિતોમાંથી સેંકડો પંડિતોના વિદ્યાગુરુ હતા. અવારનવાર સોનગઢ આવીને તેઓ ગદગદિત થઈ જતા;

સમ્મેદશિખરજી–મુંબઈ વગેરેમાં હાર્દિક ઉદગારોવડે તેમણે ગુરુદેવ પ્રત્યે શ્રદ્ધાંજલિ આપતાં કહેલું કે અનંત તીર્થંકરોએ જે માર્ગ પ્રકાશ્યો તે જ માર્ગ આપશ્રી દેખાડી રહ્યા છો. જયપુરમાં વિદ્વાનો વચ્ચે થયેલી મહત્ત્વની તત્ત્વચર્ચા વખતે તેમણે મધ્યસ્થી તરીકેની સુયોગ્ય કામગીરી સંભાળી હતી. શ્રીમાન હુકમીચંદજી શેઠના તેઓ એક માનીતા વિદ્વાન હતા, અને છેલ્લા અનેક વર્ષોથી ઉદાસીન જીવન ગાળતા હતા. જૈનધર્મના સંસ્કારથી રંગાયેલો તેમનો આત્મા, જૈનધર્મના સારરૂપ આત્મઅનુભૂતિ પામો–એવી ભાવના ભાવીએ છીએ.

* વઢવાણ શહેરના વયોવૃદ્ધ આગેવાન ભાઈશ્રી તલકશી માણેકચંદ દોશી ( ઉ. વર્ષ લગભગ ૯૦ ) તા. ૧૪–૧૨–૭૩ ના રોજ વઢવાણ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વઢવાણ દિ. જૈન સંઘના પ્રમુખ હતા, અને ઘણા વર્ષોથી પૂ. ગુરુદેવના સત્સંગમાં આવ્યા હતા. વઢવાણ શહેરમાં વર્ધમાન ભગવાનનું નવું ભવ્ય જિનમંદિર બંધાવવામાં તેમના સુપુત્રોને સારો ઉત્સાહ છે.

* રાણપુરના શ્રી પાંચુબહેન ( તેઓ સંસ્થાના ભૂતપૂર્વ ટ્રસ્ટી શ્રી પ્રેમચંદભાઈ શેઠના કાકી ) સોનગઢ મુકામે માગશર વદ ૧૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. વૃદ્ધાવસ્થાની અનેક હાડમારી વચ્ચે પણ અનેક વર્ષોથી સોનગઢ રહીને તેઓ સત્સંગનો લાભ લેતા હતા. સ્વર્ગવાસના દિવસે સવારે પણ તેઓ જિનમંદિરે તથા પ્રવચનમાં આવ્યા હતા.

* ધાંગધ્રાના ભાઈશ્રી છોટાલાલ ડામરદાસ ( તેઓ બ્ર. કંચનબેન વગેરેના પિતાજી ઉ. વ. ૭૮ ) સોનગઢ મુકામે માગશર વદ અમાસના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમની ચારે પુત્રીઓ બાલબ્રહ્મચારી છે ને અનેક વર્ષોથી સોનગઢ રહીને સત્સંગનો લાભ લ્યે છે. સ્વ. છોટાભાઈ પણ ઘણા વર્ષોથી સોનગઢ રહેતા હતા, ને ચાલવાની તકલીફ છતાં પૂજન–પ્રવચનાદિનો નિયમિત લાભ લેતા હતા; છેલ્લા દિવસ સુધી તેઓ પ્રવચનમાં આવ્યા હતા. સ્વાધ્યાયનો પણ તેમને રસ હતો, થોડા દિવસ પહેલાં જ તેમણે કહેલું કે મારે તો જીવતાં જ જમણ કરતા જવું છે. તે અનુસાર તેમણે જીવતાં જ ( પોષ વદ તેરસે પરમાગમ ઉત્સવની કંકોતરી લખાય ત્યારે ) સંઘનું જમણ કરવાનું જાહેર કર્યું હતું.

–સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગ–દેવ–ગુરુ–ધર્મના આશ્રયે આત્મહિત પામો.

બનાવું પત્ર કુંદનનાં, રત્નોનાં અક્ષરો લખી,
તથાપિ કુંદસૂત્રોના અંકાયે મૂલ્ય ના કદી.



સુરુચિભાવ-પત્રોમાં સ્વાનુભવની શાહીથી,
કરું આ કુંદસૂત્રોનાં અહો! મૂલ્ય સુજ્ઞાનથી.

## પ્રભાવના - પ્રેમી તત્ત્વજ્ઞાનીઓએ પંચકલ્યાણક વગેરે ધર્મોત્સવમાં અવશ્ય જવું જોઈએ

પંચાધ્યાયી ગા. ૭૩૯ માં કહે છે કે –

नित्यै नैमित्तिके चैवं जिनबिम्बमहोत्सवे।
शैथिल्यं नैव कर्तव्यं तत्त्वज्ञैः तद्विशेषतः।।

જિનમંદિર કરાવવું, તેમાં પ્રતિષ્ઠા કરાવવી, સાધુઓની સેવા તથા તીર્થયાત્રા કરવામાં તત્પર થવું, સાધર્મીનું સન્માન કરવું –વગેરે ઉપદેશ આપ્યા બાદ કહે છે કે, એ પ્રમાણે ધર્માત્મા–શ્રાવકે નિત્ય અને નૈમિત્તિકરૂપથી થવાવાળા જિનબિંબમહોત્સવમાં શિથિલતા ન કરવી, તથા તત્ત્વજ્ઞાનીઓએ તો તે શિથિલતા કદી પણ અને કોઈ પ્રકારથી ન કરવી, એટલે કે તેવા મહોત્સવમાં સામેલ થઈને ઉત્સાહથી ભાગ લેવો.

આપણે પરમાગમમંદિરમાં વીરપ્રભુની પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ નજીક આવી રહ્યો છે, જિજ્ઞાસુઓ તેમાં ઉત્સાહથી ભાગ લેવા તત્પર છે. ઉપરનો શ્લોક તે ભાવનામાં પુષ્ટિકારક છે. મહોત્સવમાં હજારો સાધર્મીજનો એકઠા થયા હોય, એટલે તેવા પ્રસંગમાં તત્ત્વજ્ઞ ધર્માત્માની ઉપસ્થિતિ વિશેષ પ્રભાવનાનું કારણ થાય છે. માટે ધર્મી શ્રાવકોએ તેવા મહોત્સવમાં જરૂર ઉત્સાહથી જવું, તેમાં કોઈ પ્રકારે શિથિલતા કરવી નહીં.

## ધર્માત્માનો માર્ગ

અહો, અમે ચૈતન્યના સાધક, આનંદપુરીના પંથી! દુનિયાના રાગ–દ્વેષને ગાંઠે બાંધવાની અમને ક્યાં ફૂરસદ છે! ચૈતન્યની સાધનામાં વચ્ચે રાગદ્વેષ પાલવતા નથી. દુનિયાના જીવો રાગ–દ્વેષ કરે તો તેથી અમારે શું? અમે તે રાગી–દ્વેષી જીવોને જોવામાં અટકનારા નથી. અમે તો અમારા વડીલ વીતરાગી જીવોને દેખીને આદરથી તેમના માર્ગે જનારા છીએ...અમારા માર્ગમાં વિઘ્ન નથી, રાગદ્વેષ નથી, કલેશ નથી, ભય નથી.

અમારો માર્ગ નિર્વિઘ્ન છે, વીતરાગ છે, શાંત છે, નિર્ભય છે.

સાધર્મીઓ સૌ! તમેય અમારી સાથે જ આવા માર્ગે ચાલો.

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૩૫૦૦
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) : પોષ (૩૬૩)